


પુસ્તક ૧ લું.] શુક્લ પ્રતિપદા : પોષ, વીર સંવત ૨૪૬૭. [તૃતિયાંક.

No-057520 Lo-43-13



શ્રીમદ્ પન્યાસરત્ન વિજયજી મહારાજ.

તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક
ભોગીલાલ સાંકલચંદ શેઠ.

# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપગચ્છ પટ્ટાવલી**:—સંપાદક, ૫૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઈ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ટના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ સાથે) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ**, ૫૯૧ ગાંધી રોડ, **અમદાવાદ.**

---

## જૈનાચાર્ય શ્રી વિજયનીતિસૂરિશ્વરજીના ઉપદેશથી ચિતોડ-જિનમંદિર જિર્ણોદ્ધાર માટે મળેલ રકમોની યાદી—

ગતાંક પૃ૦ ૭૯ થી આગળ—

| | |
|---|---|
| રૂા. ૧૨૯૩૧-૧૨-૯ | સરવાળો |
| ૧૫૧—૦-૦ | શેઠ મુળચંદ જોધાજી શીવગંજ. |
| ૧૨૫—૦-૦ | શ્રી પાલડીનો સંઘ, પાલડી—શીવગંજ. |
| ૩૫—૦-૦ | પરચુરણ. |
| રૂા. ૧૩૨૪૨-૧૨-૦ | |

---

ઉપરાંત માગસર સુદ ૯ કુંભસ્થાપના, માગસર સુદ ૧૨ ગ્રહપુજન, માગસર સુદ ૧૩ ના અષ્ટોતરીસ્નાત્ર ઘણા ઠાઠથી ભણાવવામાં આવેલ, તેજ દિવસે ઉપધાનવાળા આદિ છસો માણસોનું સામુદાયિક ટીપમાંથી જમણ કરવામાં આવેલ. સુદ ૧૫ ના રોજ ઉત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી, તેજ દિન સવારે માણસા નિવાસી બહેન મણીને ભાગવતી દિક્ષા આપવામાં આવી ને તેમને મહેન્દ્રશ્રીજી નામ આપી સાધ્વીશ્રી ફુલશ્રીજીના પ્રશિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યાં.

પોષ વદી ૧ ના ઉપધાનવાળા, તેમજ બીજાઓ મહારાજશ્રી સાથે નરોડા યાત્રાર્થે ગયેલ, જ્યાં ઘણાજ ઠાઠથી આંગીપૂજા કરવા ઉપરાંત હજારેક માણસોનું જમણ સામુદાયિક ટીપમાંથી કરવામાં આવ્યું હતું.

ઉપધાન અંગેના દરેક કાર્યમાં ઝવેરી ડાહ્યાભાઈ સવચંદ ને શેઠ ત્રીકમલાલ ડાહ્યાભાઈ આદીએ હૃદયની લાગણીપૂર્વક ખડાપગે અનહદ સેવા અર્પી હતી.

ટાઇટલ છાપનાર : શારદા મુદ્રણાલય, જુમામસીદ સામે—અમદાવાદ.

## પંચાંગ.

સુદ ૭ બે
વદ ૬ ક્ષય

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | રવિ | ૨૯ |
| ૨ | સોમ | ૩૦ |
| ૩ | મંગળ | ૩૧ |
| ૪ | બુધ | *૧ |
| ૫ | ગુરૂ | ૨ |
| ૬ | શુક્ર | ૩ |
| ૭ | શનિ | ૪ |
| ૭ | રવિ | ૫ |
| ૮ | સોમ | ૬ |
| ૯ | મંગળ | ૭ |
| ૧૦ | બુધ | ૮ |
| ૧૧ | ગુરૂ | ૯ |
| ૧૨ | શુક્ર | ૧૦ |
| ૧૩ | શનિ | ૧૧ |
| ૧૪ | રવિ | ૧૨ |
| ૧૫ | સોમ | ૧૩ |
| વ૧ | મંગળ | ૧૪ |
| ૨ | બુધ | ૧૫ |
| ૩ | ગુરૂ | ૧૬ |
| ૪ | શુક્ર | ૧૭ |
| ૫ | શનિ | ૧૮ |
| ૭ | રવિ | ૧૯ |
| ૮ | સોમ | ૨૦ |
| ૯ | મંગળ | ૨૧ |
| ૧૦ | બુધ | ૨૨ |
| ૧૧ | ગુરૂ | ૨૩ |
| ૧૨ | શુક્ર | ૨૪ |
| ૧૩ | શનિ | ૨૫ |
| ૧૪ | રવી | ૨૬ |
| ૦)) | સોમ | ૨૭ |

*જાન્યુઆરી

# વિષય-દર્શન.

## પોષ, વિ. સં. ૧૯૯૭.


| વિષય. | લેખક. | પૃષ્ઠ |
|---|---|---|
| મહોપાધ્યાય યશોવિજયને સ્નેહાંજલી | મુનિશ્રી હેમેન્દ્રસાગરજી | ૮૧ |
| **श्री कल्याणकरणस्तोत्रम् ( काव्य )** | **श्री विजयपद्मसूरीश्वरजी** | ૮૨ |
| **तत्स्मरणेनाहमलम् (काव्य)** | **श्री वीरसुत** | ૮૩ |
| મુસાફીરને ! | પં. શ્રી મનહરવિજયજી | ૮૬ |
| મહત્તા કોની વધારે ? [ વાર્તા ] | મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી | ૮૮ |
| **जैनसमाजमें तिथ्यांदोलन** | **भिक्षु भद्रानंदविजयजी** | ૯૦ |
| ભાગવતી પ્રવ્રજ્યા મહોત્સવ | તંત્રી | ૯૧ |
| **सच्चा-सुख** | **मुनिश्री कुशलविजयजी** | ૯૨ |
| ઉપધાન-તપમાળા પરિધાન મહોત્સવ | તંત્રી | ૯૫ |
| પત્રવ્યવહાર | | ૯૭ |
| સમાચાર | | ૧૧૬ |
| માળારોપણુ મહોત્સવ | | ટા. પે. ૩ |


સુદ ૬ શુક્ર શ્રી વિમળનાથકેવળજ્ઞાન
સુદ ૯ મંગળ શ્રી શાંતિજિનકેવળજ્ઞાન.
સુદ ૧૧ ગુરૂ શ્રી અજિતનાથ કેવળજ્ઞાન.
સુદ ૧૨ શુક્ર રોહિણી
સુદ ૧૪ રવી શ્રી અભિનંદન કેવળજ્ઞાન
સુદ ૧૫ સોમ શ્રી ધર્મનાથ કેવળજ્ઞાન.

વદ ૧ મંગળ-ઉત્તરાણ
વદ ૫ શનિ પદ્મપ્રભુચ્યવનદિન.
વદ ૧૨ શુક્ર શ્રી શીતલનાથ જન્મદિન અને દિક્ષાદિન.
વદ ૧૩ શનિ મેરૂત્રયોદશી. આદિનાથ મોક્ષદિન.
વદ ૦)) સોમ શ્રેયાંસનાથ કેવળજ્ઞાન.

દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# માળારોપણ મહોત્સવ

પ. શ્રી સુરેન્દ્રવિજયજી, પ. શ્રી રવીવિજયજીના સદુપદેશથી સતીયા કેશવલાલ મનસુખરામ, શેઠ ચુનીલાલ આણંદજીનાં અ૦ સૌ. સુભદ્રાબ્હેન અને શેઠ નાથાલાલ હઠીસંગનાં ધર્મપત્ની કુલીબ્હેન તરફથી ભગુભાઈના વંડે ઉપધાન શરૂ કરાવી સં. ૧૯૯૬ના આશ્વિન સુદ ૧૧ અને સુદ ૧૪ એ બે મુહૂર્તોએ નાણુ મંડાવી તપપ્રવેશની ક્રિયા કરાવેલ, જેમાં ૨૦૭ પુરૂષ, સ્ત્રી અને કુમારિકાઓ સહિત પ્રવેશ કરેલ જે પૈકી ૧૧૯ માળ પહેરનાર હતાં.

પં. શ્રી સુરેન્દ્રવિજયજી દરરોજ તપપ્રભાવનું વ્યાખ્યાન આપતા, તેમજ સ્તોત્રાદિ ગણતા હોવાથી તપારાધના શાંતિસહ પરિસમાપ્ત થઈ હતી.

કારતક વદ ૮ માળાની ઉછામણી શરૂ થતાં લોકોના અત્યુત્સાહે રકમનો આંકડો દશેક હજારે પહોંચ્યો હતો. જે પૈકી ઇછામણીની પહેલી માળ, રૂા. ૭૦૧) થી પહેરનાર શા. રતિલાલ ડાહ્યાભાઇનાં અ૦ સૌ. માણેકબ્હેન હતાં. વળી જીવદયા, ઓચ્છવ, તેમજ સામુદાયિક લ્હાણીની ટીપોમાં સારી રકમ નોંધાઇ હતી. અને તેમાંથી તપારાધક દરેકને કામળી તથા એક સદ્‌ગૃહસ્થ તરફથી "જૈન વાર્ષિક પર્વ" નામક પુસ્તકની લ્હાણી કરવામાં આવી હતી.

માગશર સુદ ૪ બપોરે ભગુભાઈના વંડેથી માળનો વરઘોડો ચડાવવામાં આવેલ જેની વ્યવસ્થા ડહેલાના ઉપાશ્રયના કાર્યકરોએ પ્રસંશનીય રીતે કરી હતી. વરઘોડામાં હાથી, અને પુષ્પમાળોથી સજ્જિત ચોકડી, બગીઓ, તેમજ મોટરમાં બેઠેલા સાબેલાઓ જનતાનું લક્ષ ખેંચતા હતા. વરઘોડો વંડેથી આસ્ટોડીયા ચકલે થઇને ચાંદલાઓળ, કંદોઇઓળ, કાપડબજાર, ઝવેરીનો ચોરો, શાકમારકીટને રસ્તે ફરી ભગુભાઈના વંડે પાછો આવતાં માળા અને છાબો ઉતારવામાં આવેલ. અને ત્યાં રાત્રે રાત્રિજાગરણ કરવામાં આવ્યું હતું.

માગસર સુદ ૫ ના ઉગતા પ્રભાતે નાણુસમીપ માણુસાનાં બાળકુમારી શારદા બ્હેને ભાગવતી દિક્ષા પ. શ્રી સુરેન્દ્રવિજયજીના હસ્તે ભગુભાઇના વંડે સ્વીકારી હતી. તેમને સાધ્વી શ્રી તિલકશ્રીજીનાં પ્રશિષ્યા તરીકે સુલોચનાશ્રીના નામથી જાહેર કરવામાં આવ્યાં, બાદ સાડા સાત વાગતાં ઉપધાન તપવાળાઓને ક્રિયા કરાવવી શરૂ કરી સાડા આઠના અમલે સંગીતના સરોદો વચ્ચે માળ પહેરાવવાનો પ્રારંભ કર્યો, જેની બાર વાગ્યે પૂર્ણાહુતિ થતાં ચતુર્વિધ સંઘ સાથે બેન્ડો સહિત સમેતશિખરજીના મંદિરે દર્શન કરવા ગયા જ્યાંથી સૌ પોતપોતાના સ્થાને વીખરાયા. તેમજ સાતેક જણાએ વ્રત ઉચ્ચરેલ હતાં.

માગસર સુદ ૬ થી ડહેલાના ઉપાશ્રયે અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ કરી પાટણથી ગવૈયા બોલાવી જુદા જુદા પ્રકારની પુજાઓ ભણાવવા સાથે નવનવી અંગરચના કરવા

# જૈનધર્મવિકાસ.

પુસ્તક ૧ લું. પોષ, સં. ૧૯૯૭. અંક ૩ જો.

મહોપાધ્યાય યશોવિજયને—

## સ્નેહાંજલી.

( નાગરવેલીઓ રોપાવ તારા રાજમહેલોમાં—એ લય. )

શ્રીજિન સૂત્રના પાઠક, રક્ષક જૈન વાડીના. ટેક.
મનોહર સાહિત્યવાડી ફાલી, કુસુમો ખીલ્યાં ડાળી ડાળી;
હોયે રસિક વિહારી જેહ, ગ્રહશે પરિમલ એ મતવાલી. શ્રી. ૧
પાયે અમૃતરસ મીઠો, ષટ્દર્શન વિવિધ પુરાણો;
ધ્યાને મસ્ત સદા જે હોય, તે વિદ્વજ્જન પીતો પ્યાલી. શ્રી. ૨
યમ નિયમના અભ્યાસી, વાગીશ્વરી–ભક્ત પ્રતાપી;
યશોવિજય વિદ્વાન, નિર્મળ-સાહિત્ય ઉપવનમાળી. શ્રી. ૩
શોભે જે સૌમ્ય સ્વરૂપે, અષ્ટોત્તર શત શુભ ગ્રંથે;
વિદ્યા કાશી નગરે સાધી, ગુરૂની આજ્ઞા હેતે પાળી. શ્રી. ૪
જગમાં જિન ધર્મતણા જે, શુભ સ્થંભ રૂપે વખણાયા;
યશ ભરી વાક્પટુતા જગખ્યાત, ઉત્તમ જિંદગી સાચી ગાળી. શ્રી. ૫
ને ન્યાય વિસારદ કહાવે, આત્માના મંત્ર ભણાવે;
વંદુ સ્મરણ શક્તિ અજોડ, એવી અન્ય જને નવ ભાળી. શ્રી. ૬
દક્ષ અતિ ભાષાના, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી;
નયને હર્ષ ધરે હેમેન્દ્ર, નિર્મળ અજિત આત્મ વિહારી. શ્રી. ૭

રચયિતા—મુનિ હેમેન્દ્રસાગરજી.

## ॥ श्री कल्याणकरणस्तोत्रम् ॥

कर्ता—श्रीविजयपद्मसूरीश्वरजी महाराज.

लोउत्तरलायण्णं–वंदित्ता पुज्जदेवगुरुणोमि ।
कल्लाणकरणथुत्तं–रएमि बहुमाणभत्तीए ॥१॥
जियचक्किचक्कभावं–सिद्धप्पियसिरि सिद्धचक्कमुल्लासा ।
कुणउ खयं दुरियाणं–जिणसासणभावियजणाणं ॥२॥
वियसियकमलदलरसं–परिचत्तविहाव मुत्तमाणंदं ।
सिरिकेसरियाणाहं–पणमंतु पफुल्लहियएणं ॥३॥
कम्मक्खयाइजोगे–दक्खं सिद्धायलं महातित्थं ।
तत्थ ठिओ णाभेओ–वसउ सया मज्झ चित्तम्मि ॥४॥
पयडियपरमपयत्थं–गणहरसिरिपुंडरीय मत्तपहुं ।
पणमंताणंनियमा–पेच्छइ न मुहंपि दारिद्दं ॥५॥
झाणंतरिए समए–केवलनाणं च जेण लध्घूणं ।
सह कोडीइ मुणीणं–सरेमि सिद्धं कयंबं तं ॥६॥
भरहासा जत्थं–गया–सग्गं झाणाउ आइदेवस्स ।
मरुदेवीसुयपायं–वंदे तं हत्थिगिरितित्थं ॥७॥
कलियालेऽवि पहावो–अणग्गलो जस्स दिसए तम्हा
से सच्चदेवसुमई–कल्लाणं कुणउ सव्वेसिं ॥८॥
चउभावणावियारो–विप्फुरइ विलोइऊण पहुवीरं ।
नयरीइ महुमईए–विजयउ जीवंतसामीपहू ॥९॥
तियसिंदनरिंदच्चं–कप्पलयब्भहियपुण्णमाहप्पं ।
सिरिसंखेसरपासं–धण्णा झाअंति रंगाओ ॥१०॥
वियडामयप्पणासं–संदेसिय मुक्खमग्गपरमत्थं ।
थंभणपासजिणिंदं–थुणंतु पावंतु सिद्धिसुहं ॥११॥
सिरिसेरीसापासो–सेरीसामंडणो महियमोहो ।
भव्वजियाणं होज्जा–वंछियदाणिक्ककप्पयरू ॥१२॥
वंदे जिणबिंबाइं–दुहा कसायग्गिमेहसरिसाइं ।
भवजलहिपवहणाइं–गामाइठियाइ तित्थाइं ॥१३॥

(अपूर्ण

# तत्स्मरणे नाहमलम्

## ખંડ કાવ્ય

### લે૦ શ્રી. વીરસુત.

ચમત્કૃતિ. ધર્મવિજય અને કાવ્યપ્રતિભાના એ સાતમી શતાબ્દીના હર્ષ-યુગમાં સંતતિના શ્રાપે થયેલ રક્તકોઢને સૂર્યસ્તુતિના સો શ્લોક રચતાં નષ્ટ કરી પંડિત મયુરે લોકોને આકર્ષ્યા, એના જમાઇ વિદ્વાન બાણે અંગછેદ કરી ચંડિકાના ગાનમાં પુનઃપ્રાપ્તિ જનતામાં ચમત્કૃતિ ફેલાવવા કરી. અને પછી આ વિદ્વાન પંડિતો અહંતામાં રાજસભામાં જૈનોની ઠઠ્ઠા કરવા માંડયા. શ્રાવક-સચિવોને આ ખુંચ્યું. આચાર્ય માનતુંગને એમણે વીનવ્યા "દેવ! શાસનની ઠેકડી અટકાવો" સાધના છોડીને આચાર્ય સભામાં આવ્યા. ભૂગર્ભમાં લોહ-શૃંખલાએ જડાઇ 'ભક્તામર" રચ્યું, કરબંધન તોડયાં. એ ધર્મપ્રભાવનું આબેહુબ રસમયવર્ણન આ ખંડકાવ્યમાં રજુ થાય છે:—

અનુ—ક્યાં છે વર્ચસ્વ જૈનોનું, ક્યાં છે ચમકાર કોઇનો;
પ્રતિભા, જ્ઞાન, પાંડિત્ય, કેવળ છે એક દ્વિજમાં. ૧

ઉપે— વાણારસીનો નૃપ આજ ભાખે
શ્રાવક ઉભા ત્યાં સુણી કેમ સાંખે?
વિદ્વાન બાણ તણી છાતી આજે
ફુલાય હર્ષે વિજયી વિરાજે. ૨

અનુ—હર્ષદેવે કીધી આજ્ઞા, પાળવી કહો કેમ રે!
બન્યા સર્વે વિચારમગ્ન, દ્વિજદ્વેષી શું ઉચરે? ૩

ઉપે— જૈનેતરો બ્રાહ્મણ આજ ઇચ્છે,
પુરે નહિ જૈન નૃપ કૈંક વાંછે;
નિજધર્મ ઉંચો પરધર્મ નીચો,
કહી લડે સર્વ કરતા તમાસો. ૪

અનુ—રિદ્ધિ, સિદ્ધિ, નીતિ, બુદ્ધિ, જ્ઞાન સંસ્કાર સંપદા.
કલાર્થનિય દાનેશ્રી, શોભાવે હર્ષ પર્ષદા. ૫

ઉપે— સભામહીં સોહન આસનો સહુ,
પંડિત, વિદ્વાન થકી ભર્યાં બહુ;
નથી કોઇ જૈન મુનિરાજ હાજર,
ઉત્તરવાળી સંતોષે રાજન. ૬

**અનુ**—ઝાંખું છે જિન ઓજસ કે, નિર્ભાગી વીરનું કુલ;
સુગંધી સ્વાદહીણાં કે, લાગે પાર્શ્વ-તપોફુલ. ૭

**ઉપે**— હતો એક મંત્રી જિનાનુરાગી,
રાજાની પાસે જઈ ભીખ માગી;
એ હાથમાં ખેશ દબાવી બોલે,
શું બોલવું કાજ, શબ્દોને ખોળે. ૮

**અનુ**—"દેવ આજે કહો ત્યારે, બોલાવું મુજ સાધને;
ચમત્કૃતિ થકી તૃપ્તિ, થાશે અદ્ભુત આપને. ૯

**ઉપે**— "તથાસ્તુ, કાલે પધારે સાધુ."
રાજ્ઞોક્તિ સુણે સહુ પૌરબંધુ;
ઉત્કંઠ નેત્રે જુએ મંત્રી સામે,
સાચું શું થાશેનો પ્રશ્ન વિરામે. ૧૦

**અનુ**—સભાનાં આસનો છોડી, જૈનો જાયે મંત્રી પાસ;
કહો કોણ મુનિ આવી, કાલે તોષે રાજપ્યાસ. ૧૧

**ઉપ**— શું નામ છે એ મુનિરાજનું ને,
ક્યાંથી વિહારી અહીં આવશે એ;
શું એમની ભક્તિ કરે હર્ષ દેવ !
ઉંધું થશે તો ન કાશીમાં રહેવ ! ૧૨

**અનુ**—આનંદી યોગ્ય ઉત્તરથી, જૈનો જાય ઉપાશ્રયે;
મુનિરાજને વાંદી, કહ્યું સર્વ નિઃસંશયે. ૧૩

**માલિની**— વદન ગભીર વાણી ઉચ્ચરી માનતુંગે,
"મુજ પ્રભુ અનુરાગી આફતો ટાળશેને;
નયન ચમકશે ત્યાં, હર્ષનાં ભક્તિભાવે,
રિખવજિન તણી હું, સ્તુતિ ગાઉં પ્રભાવે." ૧૪

**અનુ**—આવ્યાં બીજે દહાડે સૌ, સભામાં નૃપ આણથી;
માનતુંગ પધારે ત્યાં, દે બાણ ઘૃતવાટિકા. ૧૫

**ઉપ**— "આપો મને કોઇ સળી કે સરેખું,
રાખી વચ્ચે, છલ ઘીને ન ઢોળું;
શાસ્ત્રજ્ઞ માનવ સમુચ્ચે સમાઉં,
કંટક તુલ્ય ભલે હો પછી હું". ૧૬

**અનુ**—ફાટી આંખે જુએ દ્વિજ, ભેદ સમજી સાધુનો;
ત્યાં ચમત્કારને સારૂ, બેડીઓ હાજર થઈ. ૧૭

**શિખરિણી**— ઉંડા અંધારે ત્યાં ભૂમિતલ મહીં બેઠક લઇ,
બધા અંગે બેડી નૃપજન સજાવે ખણુકતી;
લતા વિંટાયે કો તરૂ થડ, પરે લોહશૃંખલે,
કઠીનને પોલાદી ચતુર્દશ અને બે. વપુ જડયું. ૧૮

**અનુ**—વાસીને બારણે તાળું, દ્વિજ ચોકી કરી રહ્યા;
તમાસે ન્યુન, તે પુરી, ઉભરે પુરલોક ત્યાં. ૧૯

**વસંતતિલકા**—આંખો મીંચી મુનિભણે પ્રભુની સ્તુતિ ત્યાં.
ગિર્વાણ ગુમ્ફિત પદ સ્વમુખે ઉચ્ચારે;
'**भक्तामर**' પ્રથમ પંક્તિ થકી કડી ત્યાં,
પુરી થતાં ખણુખણે શૃંખલા તુટે છે. ૨૦

ગાથા એકેક રચતાં, પદ પૂર્ણ કીધાં-
એકતાલીશે વજ્ર બંધન તોડી દીધાં;
ગાથા જ એક વધુ બારણું તોડયું ફોડયું,
પ્રકાશ થાત મુનિનેત્ર ઉઘાડી આવે. ૨૧

બાકી રહેલ કર બેડી લઈ પધારે.
બોલ્યા "કહો નૃપ! તમો ફરમાવ, તોડે-
જે બેડી આખર તણી ચમકાર તેનો,
માનું બધો, યશ મળે, હું આકચન થાઉં" ૨૨

**ઉપે**— ન કોઇ જૈનેતર આવી આજે,
બોલે મુખેથી નહીં બેડી ભાંજે;
મયુરને બાણ સહુની જીભેથી,
વાગ્દેવીનું મહાત્મ્ય ઉડી ગયું શું? ૨૩

**વસંત૦**—"જો કોઈના ઝડપતું મુજ વેણ માની,
તો આ પ્રભાવ જિનધર્મ તણો સુજાણો." ૨૪

**અનુ**—આખરે રાજવી અર્જે, છેલ્લી ગુંથી બે કંડિકા;
તુટી બેડી પગે લાગ્યા, રાજાને સહુ ભદ્રિકો. ૨૫

મયુરની સુર્યસ્તુતિને, બાણુની પુજ્ય ચંડિકા;
વિસારી સર્વ સુણે છે, ભક્તામરની પંક્તિઓ. ૨૬

તેરતેર સદી બીતી, અજોડેય કવન એ,
અલ્પ હું તે પ્રસંશુ ક્યાં. **तत्स्मरणेनाबहमलेन.** ૨૭

# मुसाफीरने !

લેખકઃ—**પં૦ શ્રી મનહરવિજયજી મહારાજ.**

એ પંથી ! એ ભવ્ય ! તું આમને આમ હજારો, લાખો, કરોડો બલ્કે હિસાબ વગરના ગાઉની મુસાફરી કરી ચુકયો. પણ હે કુલીનાત્મા ! તું જરા-પણ પાછું વળીને જોતો જ નથી. કે હવે મારી મુસાફરી કયાં જઈને અટકશે, ને હું પાછો કયી ગર્તામાં પડીશ ? આજ સુધી ચારગતિ રૂપ ચોરાશીલાખ જીવા-યોનીમાં જન્મમરણ, સંયોગવિયોગ. સુખદુઃખની પરંપરામાં મણા રહી નથી. ચાર ગતિમાંથી એવી કોઇ ગતિ નથી કે જેમાં દુઃખનો અંત હોય.

મનુષ્યગતિમાં બાલબચ્ચાં, રમારામા વિગેરે મળે ના મળે, તેનાં હદપાર દુઃખો, તિર્યંચગતિમાં ગમે તેટલી ભુખ લાગી હોય પણ પરવશપણું ત્યાં શું ઉપાય ? તે જીવોને પરાધીનતા એટલી બધી કે ગજા ઉપરાંત ભાર પણ વહન કરવો પડે વગેરે, દેવગતિમાં એકબીજાની અપરંપાર રિદ્ધિસિદ્ધિ જોઇ ઈર્ષાનો પારજ ના રહે. ને નારકી ગતિમાં તો જે અસહ્ય વેદના જાણે તેજ જાણે, જેમ પ્રસુતિની વેદના વાંઝણી નજ જાણે તેમ સાતે નારકીની વેદના બસ નારકીના જીવોજ વેદી જાણે. નારકી જીવોને શાસ્ત્રકાર મહારાજે દશ પ્રકારની વેદના કહી છે. જેવી કે—જ્વર, ઉષ્ણ, શીત, દાહ, ભય, શોક, તૃષા, ખરજ, ક્ષુધા અને પરાધીનતા. આ દશ પ્રકારની પીડા નારકજીવોને નિરંતર હોય છે. ને તેથી રાતદિન એકાંત દુઃખીજ દુઃખી રહ્યા કરે છે. અરે ! મનુષ્ય–પંચેન્દ્રિયજીવના શરીરમાં સાડાત્રણ કરોડ રોમરાજી–રૂંવાડાં હોય છે. એ એકેક રૂંવાડે પોણા બબ્બે રોગ સત્તામાં પડેલા છે. તો સાતમી નારકના જીવોને એ સાડાત્રણ કરોડ રૂંવાડાના પોણા બબ્બે રોગ સામટા ઉદયમાં હોય તો તે દુઃખને અનુભવ વિના કોણ જાણે ?

આ જીવે પણ નારકી આદિ ગતિથી અનાદિકાલથી ગણ્યા ગણાય નહિ તેટલા દુઃખોની પરંપરા વેદવામાં કાંઇ કમીના રાખી નથી. તો હે પુન્યાત્મા ! તું તારા મનથી આ નશ્વર સંસારના મોહરાજાના સૈન્યથી ઘેરાઈ, લાડી, વાડી, ગાડીમાં મસ્તાન બની ઠકુરાઇ તેમ રૂપઘેનમાં અંધ બની, સંધ્યાના રંગ જેવા રંગરાગમાં લેપાઈ, વંધ્યાના પુત્ર જેવા અનિત્ય સંસારમાંથી જેમ શ્લેષ્મમાં મક્ષિકા લેપાયા પછી છુટી શકતી નથી તેમ છુટી શકાતું નથી, તેનો વિચાર કર. હે સુશીલાત્મા ! ચેત. ચેત. જાગ. જાગ. પ્રમાદ, વિષય વગેરે રૂપી કાઠીયાને દૂર કરી સાદિ અનંત એવાં શીવસુંદરીનાં સુખનો ભોક્તા આ આત્મા કયારે બને

તેજ ભાવના સેવ ! કેમકે આ સંસારના જીવોનો મેળો જેમ રેલ્વે ટ્રેનમાં જુદાં જુદાં સ્ટેશનથી બેઠેલા મુસાફરો જ્યાં મુસાફરીનું સ્ટેશન આવ્યું એટલે સાથેના સોબતીઓ સાથે ગમે તેટલો રાગ થયો હોય–સંબંધ થયો હોય છતાં આવજો, આવજો. જુહાર, જુહાર. કહી છુટાં પડે છે. જેમ—

**यथा काष्ठं च काष्ठं च, समेयातां महोदधौ।**
**समेत्य च व्यपेयातां, तद्वद्भूतसमागमः॥**

અર્થાત્ અથાગ મહાસાગરમાં જુદી જુદી દિશામાંથી તરતા આવેલા લાકડાંના કટકાઓ પરસ્પર અથડાઇ ભેગા થાય છે. થોડીવાર સાથે સાથે તરે છે, અને પુનઃ પાછાં જુદાં પડી જાય છે, તેવોજ સંસારી જીવોનો સમાગમ છે.

તેમ હે પંથી ! ભવ્ય મુસાફર ! અંતસમયે વ્હાલાં બાલબચ્ચાં, કુટુંબ-કબીલો, રાજપાટ કે ચક્રવર્તિની રિદ્ધિસિદ્ધિ બધું મુકી હાથપગ ઘસડતા ચાલવુંજ પડશે. "સંસાર સમજીએ શાણા! મુસાફરખાના." યા

"સંધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાવ્યા;
જોબનને ધન તન તેવાં, સમજવા પાણીમાંના પડછાયા."

તો હે ભવ્યાત્મા ! મારૂં, તારૂં જેટલું બને તેટલું ધીમે ધીમે ઓછું કર. નહિ તો બાલ કહેવત છે કે—

પોષહ કરે ડોશો ને, ઉપવાસ કરે આઈ;
હું તો મારે ખાઇને, ચોરાશીમાં જાઈશ.

એ ભ્રમણામાં ભુલી જઈ વિનાશ વ્હોરી લઇશ.

તો બુઝ બુઝ. ઓ સોપાનાર્થી ! આત્માને વિષે માન, અમાનતા ન લાવતાં શ્રીઆનંદઘનજી કથે છે તે ભાવ—

"માન અપમાન બિહુ સમ ગણે, સમ ગણે કનક પાષાણરે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોવે તું જાણરે.
સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણી ભાવરે;
મુક્તિ સંસાર બિહુ સમ ગણે, મુણે ભવજલ નિધિનાવરે. ॥

"શાંતિજીન સ્તવન"

ॐ **શાન્તિ.**

# મહત્તા કોની વધારે–શાહ કે શહેનશાહની ?

## મહમદ બેગડા અને ખેમો દેદરાણી.

લેખકઃ—શ્રી મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી–થાણા.

ચૌહાણ રાજા હમીરના દેહાંત પછી રામદેવે ચાંપાનેરને પોતાની રાજધાનીનું પાટનગર બનાવ્યું હતું. વિ. સં. ૧૫૪૧ માં જેની સામે શ્રીજયસિંહદેવે ભયંકર રણયુદ્ધ ખેલ્યું. આ રાજા જયસિંહદેવ પતાઇ રાવલના નામથી પ્રસિદ્ધ હતો. કે જે પતાઈ રાજા પોતાના પ્રધાન ડુંગરશી સહિત યુદ્ધમાં માર્યો ગયો હતો.× (જેને લગતી નોંધ ટૉડ રાજસ્થાનમાં પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ પૃ૦ ૪૦૬ ઉપર લીધી છે.)

આ કાળે ચાંપાનેરમાં જૈનપ્રાસાદો સારા પ્રમાણમાં હતા. તેમજ અહીંનું શ્રીનેમિનાથનું મંદિર પણ સુંદર પ્રસિદ્ધિને પામ્યું હતું. અહીં આ સમયે અઢારે વર્ણના લોકો વસતા હતા.

વિ. સં. ૧૫૪૧–૪૨ ના ગાળામાં સુલતાન મહમદ બેગડાએ આ પ્રદેશ જીતી તે સત્તર હજાર ગુર્જરનો ધણી બન્યો. તેના હાથમાં પતાઉ રાવલનું રાજ્ય આવતાં સવાલાખ ઉત્તમ પ્રકારના અશ્વો, દશ હજાર હાથીઓ, સીત્તેર ખાન, બહોંતેર ઉમરાવ અને બીજા અનેક રાવ–રાણાઓએ તેની તાબેદારી સ્વીકારી હતી.

આ સમયે નગરશેઠ તરીકે ચાંપશી મહેતા અતિશય સુપ્રસિદ્ધ કીર્તિને પામેલ હતા.

× * * ×

એક દિવસ ચાંપશી મહેતા મહાજનના આગેવાનો સાથે દરબારમાં જતા હતા. એવામાં રસ્તામાં સાદુલખાન નામે સુલતાનનો માનીતો ઉમરાવ મળ્યો. ખાન અને શેઠ બન્ને વાતો કરતા આગળ ચાલતા હતા. અને બીજા શેઠીઆઓ પાછળ હતા. રસ્તે જતાં બંબ બારોટની ડહેલી આવી. ડહેલીના ઓટલે બારોટ બેઠો હતો. તેણે ઉઠીને ખાનને આશીર્વાદ આપતાં કહ્યું. "ખાગ્ય, તાગ્ય, નિઃકલંક પ્રધાન." (ખડ્ગ, શૌર્ય અને ત્યાગદાનમાં નિષ્કલંક પ્રધાન) એ પ્રમાણની ઉપમાનું બિરૂદ આપ્યું. આદ બારોટે મહાજનની સામે આંગળી કરી તેમનાં પણ બિરૂદો કહેતો તે આગળ કહેવા લાગ્યો.

"બરદ કહે 'દકાલ દોહથ', રાયે બંધ છોડણ સમરથ;
રાયે થાપના ચારજ રૂપ, જીવો જીવદયા પ્રતિભૂપ."

આ ઉપરાંત ભંડારમાં કુબેરસમ અને મોટા હાથવાળો ગરૂડ વિગેરે અવતારી તરીકે મહાજનને સંબોધી, બારોટે મહાજનની કિંમત બાદશાહ કરતાં અધિક આંકી બતાવી.

---

× આ વિષયાંધ પતાઇ રાવલના હાથે પાવાગઢનું પતન કઈ રીતે થયું તેને લગતું વૃત્તાંત અમો હવે પછી રજુ કરીશું. –લેખક.

આ બધું ખાનસાહેબે બરાબર સાંભળ્યું.

બાદ સુલતાન પાસે જઈ ખાને તરતજ કહ્યું. "હે, જહાંપનાહ, બારોટ આપણો આપેલો ગરાસ ખાય અને કીર્તિ વણિકોની ગાય તેનું કારણ સમજાતું નથી."

સુલતાને તરતજ બારોટને દરબારમાં બોલાવી મંગાવ્યો. આથી ખાન તો ખુશી થયો, પરંતુ ચાંપસી મહેતા વિચારમાં પડી ગયા.

બારોટ આવતાંજ નિત્યનિયમ પ્રમાણે ઉપરા સાપરી કવિતો બોલવા શરૂ કર્યાં, તેને બોલતો વચમાંજ અટકાવી સુલતાને કહ્યું, "તમે વણિક મહાજનનાં વખાણ કેમ કરો છો.

બારોટે કહ્યું:—

"કહે બંબ હમ બરદજ દીઇ, સો તો ઉનકે બડુને કીયે." અર્થાત વણિકોના વડવાઓએ જે કર્યું છે. તેના બિરૂદો હું તો કહી સંભળાવું છું. જેમાં 'દકાલ દોહથ નું બિરૂદ તો જગડુશાના સમયથી પ્રાપ્ત થયું છે, કે જે સમયે પનરોત્તરો દુકાળ પડતાં તેમણે રાવ, રાણા, રંક,–જતી અને સતી વિગેરે સર્વેને બચાવ્યા હતા. પનરોત્તરા દુકાળે ત્યાર પછી કસમ ખાધા કે 'હું હવે પૃથ્વી ઉપર ફરીથી નહિ આવું" અથાત્ એવો દુકાળ ફરીથી પડયો નથી.

આ સમયે પોતાની હજુરમાં પણ બારોટને વણિક મહાજનનાં વખાણ કરતો સાંભળી સુલતાનને ક્રોધ ચઢ્યો. અને ક્રોધાવેશમાં સુલતાને તરતજ સભા બરખાસ્ત કરી, અને તે ઇન્દ્રમહેલમાં ચાલ્યો ગયો.

સુલતાનના ગયા બાદ ચાંપશી મહેતાએ બારોટને કહ્યું. "હે બારોટ મોટાઓ સામે બાથ ભીડીએ નહિ.–એમાં હારીએ અથવા જીતીએ તેમાં હાણજ છે.

બારોટે કહ્યું:—

"કાયર ષણ અને ક્રીપણ વચન, કાજબ કોટ નિધાન,
જ્ઞાનીદાન ભટવચન, એ ગજદંત સમાન."

એટલાં વાનાં એકતો બહાર નીકળવાં કઠણ, અને બહાર નીકળ્યાં પછી તે ફરીથી પાછાં સમાવાં ષણ કઠણ, તેજ માફક કદી પરમેશ્વર કોપે તોપણ હું મારો બોલ ફેરવી શકનાર નથી. લોઢું, રસોઈ અને કવિતા એ ત્રણેની કિંમત કદી આંકી શકાતી નથી. જેમ દાતા દાન કરતી વખતે પાત્રકુપાત્ર જોતો નથી, તેજ માફક ભાટ ચારણો બોલતીવખતે 'આ ફલાણો સાંભળશે' એ જોતા નથી કે તેની બીક પણ રાખતા નથી, તેમજ અમ બારોટોને 'મરણ' તૃણ સમાન છે.

આ પ્રમાણે ટેકીલા બારોટનાં વચનો સાંભળતાં શેઠે તેને સાબાશી આપતાં કહ્યું "તમે ફિકર કરો નહિ. તમારા ટેકીલા વચનને ખાતર બાદશાહ જે કાંઈ માગશે તે અમો આપીશું.

"આટલી વાતચીત થયા બાદ સર્વે પોતપોતાના સ્થાનકે ગયા.

(અપૂર્ણ)

# जैनसमाजनें तिथ्यांदोलन

लेखक-**भिक्षु भद्रानंदविजयजी-शीवगंज**

लिखता हूं तो कलम धुखती है। विचारता हूं कि लिखूं या न लिखूं ? निदान अनेक संकल्पविकल्पानंतर यही निर्णयात्मक विमर्श हुआ कि कुछ लिखना आवश्यक है। कारण अन्यायका तक्षणं एवं न्यायका रक्षण करना मनुष्यमात्रका कर्तव्य है। वर्तमानमें समाजकी इस डावाडोल. असंतोषजनक परिस्थिति को देखकर मेरा हृदय कंपित हो रहा है। वास्तवमें ऐसा होना नैसर्गिक है; क्योंकि जिससमाजमें हमने जन्म लिया, जिसके रजकण एवं वातावरणसे अपने शरीरको पुष्ट किया उस समाजकी ऐसी सोचनीयदशा प्रत्येक सहृदय व्यक्तिके लिये हृदयद्रावक ही है। जैनआत्मबंधुओ व शासननाथकोंका ध्यान आज मैं इस विषयकी ओर आकर्षित करनेके लिये साग्रह निवेदन करता हूं कि जबसे हमारी जैनसमाजमें तिथ्यांदोलन चला है तबसे साम्य-वादियां एवं जैनसिद्धांतके. तत्ववेत्त नवयुवकोंके हृदयमें कैसी विचारधारायें प्रवाहित होती रहती है और सरलस्वभावी, शांत समताधारी जैनाचार्यादि मुनिगणोंमें कितना क्षोभ हुआ है और जैनसमाजमें कितना कलह, कंकास, वैरविरोध, द्रोहादि कुसंपका बीज रोपा गया है इसका विमर्श तो धर्मनायक एवं सुज्ञवांचकवृंदही कर लेवे। ये सर्व उपद्रवोंके मुख्य निमित्तभूत श्रीमद् रामसूरीजीका ही प्रताप है। उनकी वृत्तियों भोले जैनसमाज एवं कितनेक धनाढ्य श्रावकको व्याख्यानकलादिसे द्रष्टिरागी बनाकर पक्षको प्रबल किये बाद इस तिथ्यांदोलन फैलाके नवीन मतस्थापन करनेकी ओर झुकी है। जैसे थोडेक वर्ष पूर्व श्रीमद् राजेन्द्रसूरिजीने भी तीन थुईका मत निकाल कर अपनीनाम-ख्याती कर मथे है इसी तरह नवीन तिथिस्थापकने भी पूर्वजोंकी परंपरागत तिथिकी सुपद्धतिको उत्थापकर अपनी मनमानी नवीन तिथिका स्थापन किया है और उनके इनने समुदाय व संप्रदाय के साथ संबंध रखनेवाले आचार्यादि मुनिगण व कितनेक लोगोने असमझ व समझते हुए भी इनका अनुकरण किझा है। ठीक ही श्रीमद् न्यायविजयजी महाराजने कहा है कि---

**मुमुक्षवोऽवि विद्वांस; साम्प्रदायिक दुर्ग्रहात।**
**क्लिष्टचेतः परीणामी-सन्तो गच्छन्तिकापथम् ॥**

अर्थात मोक्षाभिलाषी विद्वानोंभी संप्रदायके दुराग्रहसें अपनी मनोवृत्तिको कषाय-कलुषित बनाते है ओर निदान उन्मार्ग चढ जाते है। वास्तवमे मध्यस्थवृत्तिसे मीमांसाकरनी चाहीए कि जिससें समाजमें पारस्पारिक भाइयोंमें कलह एवंरंज हो वैसा

कर्म करना जैनसाधुके लिये उचित है? कदापि नहि उक्त तिथ्यांदोलन केवल शासनव्यवस्था एवं समाजशांतिकों भंग करनेके लिये है। हां किसी तात्विक विषय यह वाद प्रारंभ होता तो इससे अवश्य समाजका श्रेय हो शकता था किन्तु तिथिसंबंधी अतात्विक एवं परंपरा विरुद्धका कोलाहल मचाना विद्वज्जनों उचित नही। हो शकता है कि सूरिजीने अपने नामख्यातिके अनेक अविद्यमान साधनमेंसे इसेभीएक सरल एवं उत्तम साधन मान रखा हो। किन्तु सूरिजीका उक्त प्रवाहमें प्रवाहित होना मुझे न्यायसंगत प्रतित नही होता क्योंकि यह कोई धार्मिकवाद नही और न यहां आत्मकल्याणका सचा साधनरुप ही है। ऐसा वितंडावादसे न तो वस्तु तत्त्वका निर्णय हो शकता है। और न स्वपर कल्याण ही है, प्रत्युत पक्षपुष्टिहेतु अनेक छलबलका अवलंबन लेना पडता है। भला जो तिथि श्रीरामचंद्रसूरिजी महाराज! आपके गुरु, दादागुरु, एवं परदादागुरु आदि करते आये थे उस तिथिसे उनका कौनसा आत्माका अहित हुआ था और आपके नवीन तिथिद्वारा कौन सा लाभ हुआ? अथवा कथा वे तत्थ तिथि से अविज्ञ थे और आपही विज्ञ हुवे। हो शकता है कि वह पूर्वजो सरलस्वभावी एवं शांत लघुताधारी होंगे जिससे वे नवीन क्रांतिकारक मत नही निकाल शके हो अतः आप इस बादको शांत कर अनुग्रहीत करें।

मैंने जो कुछ मेरे दग्ध हृदय से उद्‌गार निकाला है वह निंदा, शिक्षा, उपालंभरुपसे नही पर एक विनंति या अर्जरुपसे है कि शासनदेव उनको सद्‌बुद्धि दे, ताकि समाजमें संप व शांति प्रसरे यही मेरी अंतिम भावना!

## ભાગવતી પ્રવજ્યા મહોત્સવ

પાટણમાં ખેતરવસીના પાડાના ગજરા બ્હેન કે જેમણે ઉપધાન-તપ સંપૂર્ણ, વીસસ્થાનક તપ, વર્ધમાન તપ, આયંબિલ ઓળી તપ, પંચમી, એકાદશી, ચતુર્દસી આદિ તપો ઉપરાંત માસખમણો, સોળ અને અઠાઇઓ આદિ તપો કરી જેમણે તપસ્વીનું બીરૂદ સંસારીપણામાં પ્રાપ્ત કરેલ તેમનો આ અસાર સંસારનો ત્યાગ કરી શ્રમણ સંઘમાં જોડાવાની ઉત્કૃષ્ટ ભાવના થતાં કૌટુમ્બીજનોને સંતોષી અષ્ટાહ્નીકા મહોત્સવ કરી માગશર સુદી ૧૧ (મૌન એકાદશી)ના રોજ પ્રવજ્યા ગ્રહણ કરી સંસારીપણામાંથી સાધ્વી બન્યા છે.

સાધ્વી મનોહરશ્રીજીના શિષ્યા સાધ્વી વીમળશ્રીજીના તેઓ શિષ્યા બન્યા છે, અને તેમનું નામ ગુણશ્રીજી રાખવામાં આવેલ છે.

તેઓના પતિ અને પુત્રએ આજ પહેલા ચારિત્ર લીધેલ હોવાથી તેઓની પ્રવજ્યા ક્રિયા તેઓના સંસારી પતિ મુનિમહારાજશ્રી ભાનુવિજયજીએ કરાવી હતી. અને તેઓશ્રીના વરદ હસ્તે વાસક્ષેપ નાખવામાં આવ્યો હતો. સાથે **તેણીવાડાવાળા** બ્હેન **ચંચળે** પણ ભાગવતી દીક્ષા લઇ આ દ્રસ્યમાં ઓર ઓજસ પાડયું હતું.

# ॥ सच्चासुख ॥

लेखकः--मुनिश्री कुशलविजयजी, अमदाबाद.

आधुनिक समयमें प्रत्येक मनुष्य सुखके लिये प्रवृत्ति करते है. सुखको प्राप्त करने के लिये बहुत प्रयास करते है, परन्तु वें सुखकी कल्पना अपनी अपनी बुद्धिसे पृथक पृथक करते है, और वह कौन हेतुका आश्रय करनेसे जीवनमें आनंद और आत्माकी पूर्णमस्ती देता है. इस विषयमें बहुत व्यग्र बनते है ।

सुखका स्वरुप स्वसंवेद्य, धर्मकी बाधारहित आत्मानुकुल व्यापारको तत्ववेताए कहते है उनका संपूर्ण अनुभव इच्छाशक्तिसे तटस्थ रहकरके स्वकर्मानुसार प्राप्त होने वाले सुखदुःखादि व्यापारको भोगते हुवे धर्मक्रिया करने से होता है धर्मकी स्खलना न बने और आत्माकी उन्नत्ति सिद्ध हो उनकोसच्चा सुखकहते है

जनता अपने अपने कर्तव्य कर्ममें भी इच्छित पदार्थोंका प्राप्त करना और उनका फलका अनुभव करना इस प्रकार शरीरधर्मको केवल बढाने वाली इच्छाको पूर्ण करना उनको सुखरुपसे चहाती है उनमें वे बहुत भ्रमयुक्त हो करके ज्ञानदशामें और ज़ीवनमुक्तिका आनंन्दानुभवमें सच्चासुखसे वञ्चित होता है। आजकल हरेक स्थानमें यह ही दृष्टीगोचर होता है की मनुष्यें कोई प्रतिष्ठा, कोई मनोरथकी सिद्धि, कोई शरीर धर्मका पूर्णसूख इत्यादिक विविध वासना भंडारसे व्याप्त हो करके सब सुखकी और जा रहे है ।

वाशनाको क्षय किये बिना अपनी इच्छाके तरङ्गकी साथ धर्मकर्मको इधर उधर हिलाना उसमें सच्चासुख मनुष्य प्राप्त नही कर शकता सुख आनंदात्मक है वह क्षणिक नहि है सर्वदा सर्वभावमें उसका स्वरुप आनन्दरुप है. अतः महात्माएं सुख प्राप्त करने में कारणभूत समता, निरहंकार, ज्ञान इत्यादिक उदारवृत्तिको बढानेवाले आत्माको उन्नतिमें ले जानेवाले क्रियाकांडको मान्य कीये है ।

धर्मकर्म भी आत्माकी उन्नति में कारण है अतः उनमे भी वासनाको मुख्य बनाकर जो कर्म केवल ज्ञानकी प्राप्तिमें और आत्माकी उन्नति में कारण है. उनको मृगजलवत् दुरसे सुखआभ्यंन्तर क्लेशयुक्त पालन करना वो ठीक नहीं है क्योंकि ज्ञानप्राप्ति और आत्माकी उन्नति उनसे सिद्ध नही होती है ।

प्राचिन समय में महात्माएं जीवनमुक्तिके कारणभूत कर्मको वासना से वह सूखमूलक है एसा समजने में प्रायश्चित समजते थे क्योंकि संसार में हरेक कर्म जीवननिर्वाह सें लेकर धर्मादिक में भी वासनायुक्त पालन करने से कष्ट होता है उससे अभिमान रागद्वेष इत्यादिक नाना प्रकारकी उपाधीयां प्राप्त होती है अतः उन्नति में अंतरायरुप वासनाको हटाकर कर्म करना वह सच्चा सुख है

पदार्थ उपभोग कालमें जीतना आनंद देता है. इस नियमानुसार वासनाको हटाये बिना त्यागकाल में उतना कष्ट देता है अतः मनुष्योंने भी कर्मका फलाफलको उनसे उत्पन्न होनेवाले नये कर्मको विचारे कर पीच्छे उनको कितना ग्रहण करना कितना त्याग देना उनका नियम बनाकर प्रवृति करनी उचित है

कोई लोक समजते है कि इन्द्रियकर्मको त्याग करना, पदार्थ का अभिग्रह धरना उनसे वासनाका क्षय हो जायगा और आनन्दसुखका अनुभव प्राप्त हो जायगा परन्तु यह बाबत भी योग्य नही है. एसी प्रवृत्ति करने में कुच्छ समय आनन्द मीलता है, चारित्र्यादिक धर्म बढते है परन्तु जब मनोवेग वासनाधीन होकर के बढता है तब आनन्दमय सब क्रिया दुःखरुप हो जाती है

मनुष्यका शरीरधर्म जबतक शरीर रहता है तबतक नष्ट नही होता है, सब पदार्थका त्याग उनमें भी वासना त्याग करना वहही त्याग है बस एसा त्यागसे सच्चा सुख मिलता है

पदार्थ और उनका फलका सुखदुख पूर्णरुपसे समझे बिना त्याग में भी मनुष्य सुख नही पा शकता है अतः त्याग में भी शरीरको वासमायुक्त न बना कर, धर्मकर्मो में मानी हुई, तपश्चर्या, शुद्ध चारित्र इत्यादिक नियम—पालन करना, इस नियमादिसे आत्माको अपना स्वरुपमें स्थापन करना वह सच्चा सुख है इस विषयमें एक कहानी कहते है

पूर्वकालमें एक गृहस्थ था वह सम्पति से पूर्ण सुखी था उनके वहां बहुत नौकरलोक उसकी आज्ञाको उठानेके लिये हरदम हाजर रहते थे खाल साधन से वहपूर्ण सुखी थे परन्तु उसको प्रत्येक कार्यमें चिंता बहुत व्यग्र करती थी, मनुष्यका साथ पूर्ण था तो भी वह हरदम चिंतातुर रहता था उसकी स्त्री पूर्ण प्रातिकत्या धर्मपूर्णा थी और उसके आज्ञावश बनकर हमेश पास रहती थी भोगसाधन और लक्ष्मीकी पूर्णता थी परन्तु कुदरती सुखसे वह वन्चित थे उसके घरकी पास एक कुंभार प्रभुका भक्त था और हमेश अपना उद्यमसे प्राप्त कीये हुए धनसे प्रतिदिन गुजारा करता था. सामको

वह अपने जैसे दो चारको एकठा करके रात्रिमे मस्त होकर ईश्वरध्यान करता था, शेठजी सम्पति और मनुष्य समूह पासमें होते हुवे भीं महा कष्ट और चिन्तातुर रहते थे और कुंभार सम्पतिरहित था तो भी जीवन आनंद से पसार करता था. एक दिन रात्रीमें शेठको बहुत कामसे मगज भ्रम बना था और शय्या पर निंदके लिये बहुत जंखना करते थें परन्तु विचारोंसे उसको निन्द्र आती नहि थी वह समय पर कुंभार अपने मित्रोके साथमें भजन और ईश्वरकी स्तुतिमें मशगुल बना था उसका अवाज शेठको सुनाई पडा शेठ थोडा समय अपने विचारोंको भुल गये और उसका भजन-तानको सुनते सुनते सो गये. शेठको बहुत दिनके जाग्राहासें शरीर रोंग पूर्ण था वह एकदम अच्छा हो गया प्रातःकालमें शेठ जाग्रत होकर कहने लगे अरे, आज क्या हो गया मेरा बहुत दिनसें शरीर दुःखी था वह अच्छा हो गया तब उसको उन कुंभार का ईश्वर स्तवन याद आया और खुश हो कर उसने कुंभारको बुलाया और उसको दश रुपिया इनाम दिया कुंभार खुशी हो कर घर चला गया कुंभारका मस्तीका अनु-भव उन दिनसे कुच्छ कम होने लगा—बस उन दिनसे कुंभारको रात्रीको विचार आया और घरमें कुच्छ अवाज़ मालुम पडे तो स्त्रीसे पुकार करके कहे देख कोई आया की रूपिया ले गया. वह इसी तरह सारी रात्री स्त्रीपुरूषको रूपियाकी रक्षा करने में पसार हुई सुबह हुई तब वह दोनो स्त्रीपुरूष कार्यमें लगे परन्तु शरीर रात्रीभर जागने से कष्ट-वाला बना था अतः अपना काम कुच्छ हुआ नही. कुंभार सारा दिन चिन्तातुर बनकर बेठ रहा उसने सोचाकी हमारा आनंद क्यौ नष्ट हुवा तब विचार उत्पन्न हुआ कि रूपियाकी रक्षा और उनमें बाशना बनाने के कारण यह हाल हुआ तब वह दस रूपिये हाथमें लेके शेठ पास आया और उसको कहाकी शेठजीं आपही इस रूपियोंको रक्खो हमको नहि चाहिये. शेठअी बोले भला क्यौ आप मना करते हैं तब कुंभार बोला शेठजी इससें हमारी रात्री महाकष्टसे गई इससें पहेले हमको चार आना मिलता था और वह दशामें हमको आनन्द बहत था वह एक दिन में नष्ट होगया अतः हमको पैशाकी जरूर नहि है परन्तु हमारा आनंद नष्ट न होना चाहिये शेठ भी समज गयाकी हमारी सम्पति उतने वैभव में हमको आनंद नही देती है इसका कारण वासना क्षय नही अतः सब उपाधीमें हैरान करती है. वैहे तब लक्ष्मी और सब कर्ममें से आशक्तिको छोडकर इश्वरमें मस्त बना वासनाको हरा कर शुद्ध कर्म करने लगा और जीवनमुक्त बना अतः सच्चासुख केवल वासनाको छोडने से होता है।

# ઉપધાન-તપ માળા પરિધાન મહોત્સવ.

પં. શાન્તીવિજયજી, પં. કલ્યાણવિજયજી, પં. મનહરવિજયજીના સદુપદેશથી શેઠ મગનલાલ ઠાકરસી તરફથી પોતાના શાહી-બાગનાં બંગલે ઉપધાન શરૂ કરાવી સં. ૧૯૯૬ ના આસો વદી ૨ અને આસો વદી ૫ એમ બે મુહૂર્તોએ નાણુ મંડાવી ઉપધાન-તપ પ્રવેશની ક્રિયા કરાવેલ જેમાં સોએક પુરૂષ, સ્ત્રી અને કુમારીકાઓ સહિત પ્રવેશ કરેલ જે પૈકી ૫૭ માળ પહેરનારાં હતાં.

પં. કલ્યાણવિજયજી દરરોજ તપની પુષ્ટીનું વ્યાખ્યાન આપતા તેમજ નવ-સ્મરણ આદિ સ્તોત્ર ગણુતા હોવાથી તપની આરાધના નિર્વિઘ્ને શાન્તિપૂર્વક સમાપ્તી થયા બાદ સૌ સૌના સ્થાને વેરાયા ત્યારે દરેકને **સમરત** બ્હેને આગ્રહપૂર્વક એકાસણુ કરાવ્યા પછી જવા દીધાં હતાં.

કારતક વદી ૧૪ ના માળાની ઉછામણી બોલાવવાનું શરૂ કરતાં લોકોમાં અનહદ ઉત્સાહ હોવાથી માળાની ઉછામણી માત્ર બેજ કલાકમાં પૂર્ણ થવા સાથે રાજનગરના બન્ને સ્થળના ઉપધાનમાં અહીંઆં કરતાં બમણી અને ચાર ગણી વધુ માળાઓ હોવા છતાં તે સ્થળે ઉપજેલ રકમની હદ કુદાવી જઈ આસરે બારેક હજારની ઉપજ થવા પામેલ છે. જે પૈકીની દ્વીતિય માળા રૂ. ૧૯૫૧) ની ઉછામણીથી પરિધાન કરનાર વાડીલાલ છગનલાલના પત્ની બ્હેન સુભદ્રા હતાં.

આ ઉપધાનમાં નોંધ લેવા લાયક તો એ છે કે માત્ર જીવદયા કે જેમાં આસરે અગીઆરસોની રકમ થયેલ તે સિવાય અન્ય કોઈપણ પ્રકારની ટીપ કરવામાં આવી નહોતી, પણ વરઘોડા, રાત્રીજાગરણ, અષ્ટાહ્નીકામહોત્સવ શાન્તી-સ્નાત્ર સહિત વિગેરે ઉપધાન મહોત્સવ અંગેના તમામ પ્રસંગો શેઠશ્રીએ પોતાના ખર્ચે કરાવવા ઉપરાંત માળા પરિધાન મહોત્સવના દીવસે માળા પહેર્યા બાદ દરેકને પોતાના તરફથી કાંબળી લ્હાણી તરીકે આપી હતી.

પોતાની પોળના જિનાલય મંદિરે અષ્ટાહ્નીકામહોત્સવ શાન્તીસ્નાત્ર સહિતનો માગસર સુદી ૮ થી પ્રારંભ કરવામાં આવતાં દરરોજ જુદા જુદા પ્રકારની પૂજાઓ રાગરાગણીથી ભણાવવા સાથે નવ નવ પ્રકારની પરમાત્માને અંગરચના કરવામાં આવતી. માગસર સુદી ૧૫ ના ઘણાજ ઠાઠમાઠથી શાન્તીસ્નાત્ર ભણાવી પ્રભાવના કરવા ઉપરાંત આખી પોળ અને જિનાલયને સુશોભિત રીતે આકર્ષક આરકાઓ અને વિજયપતાકાઓથી સણગારી તેને ઈલેકટ્રીકના રંગબેરંગી ગોળાઓથી ઝળઝળાટ કરી મુકી હતી.

માગસર સુદી ૯ ના બપોરના માળાઓનો વરઘોડો કાઢવામાં આવેલ જેની વ્યવસ્થા ગુસાપરેખની પોળના ઉત્સાહી બંધુઓએ ઘણી જ સુંદર રીતે બજાવી વરઘોડાની ગોઠવણી આકર્ષક બનાવી હતી, વરઘોડામાં હાથી અને ચારઘોડાની ગાડી ઉપરાંત ફુલોથી સણગારેલી બગીઓ, અને મોટરોમાં બેઠેલા સાબેલાઓ જનતાનું લક્ષ ખેંચી રહ્યા હતાં, વરઘોડામાં શ્રી શ્રમણસમુદાયનું જુથ અનેરી સોભા અર્પી રહ્યું હતું. વરઘોડો ગુસાપારેખની પોળથી પ્રારંભ થઈ ચાંદલાઓળ, કંદોઈઓળ, રેશમીકાપડ બજાર, સોના–ચાંદી બજાર, જવેરીનોચોરો, કાપડબજાર થઇ સડક ઉપર ચઢી પાનકોર નાકેથી ઢાલગરવાડા તરફ વળી શ્રી. વીસાશ્રીમાળી ન્યાતની વાડીએ ઉતર્યો હતો, જ્યાં માળાઓ, અને પૂજાદિ ઉપગરણો, મેવા, મીઠાઇ આદિની છાબો લઈ લેવામાં આવી હતી. પાછળના ભાગમાં પ્રભુનો ચાંદીનો રથ અને તેની પાછળ આભૂષણો અને શણગારથી સજ્જ થયેલી નારીઓનું વૃંદ હાથમાં ચાંદીના લામણ–દીવડા અને જરિયન રૂમાલોથી વિભૂસિત માથા ઉપર છાબો ઉપાડીને ચાલતાં ટોળે ટોળાં જાણે રાજનગરની સમૃદ્ધિ અહીંઆં જ ખીલી ન નીકળી હોય તેમ દેખાતું હતું. રાજનગરની જનતા એકી અવાજે કહેતી હતી કે બન્ને વરઘોડા કરતાં આની વ્યવસ્થા અને શોભા અનેરી હતી.

માગસર સુદી ૧૦ શ્રી વીસા શ્રીમાળી ન્યાતની વાડીમાં માળાઓનુ રાત્રીજાગરણ કરવામાં આવેલ જે સમયે શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. તેમજ પં. કલ્યાણવિજયજીએ તે દીવસે રાત્રીએ વાડીમાં રહી માળાઓ મંત્રી હતી. માગસર. સુદી ૧૧ (મૌન એકારશી)એ સવારના માળાપરિધાન મહોત્સવ હોવાથી માળા પહેરનારાઓના કોટુંબીજનોના જુથો વહેલી પ્રભાતથી શ્રી વીસા શ્રીમાળી ન્યાતની વાડીએ આવતા હતા. જેઓથી નવ વાગતાં તો વાડી ચીકાર ભરાઇ ગઇ હતી, પં. શાન્તીવિજયજીએ નવ કલાકને આડત્રીસ મીનીટે માળ પહેરનારાઓને નાણ સન્મુખ ક્રીયા કરાવવાનો પ્રારંભ કરી તરતજ પં. કલ્યાણવિજયજીને ક્રીયા અનુષ્ઠાન કરાવવાનું સુચવતા તેમણે ક્રીયા સંપૂર્ણ કરાવ્યા બાદ પ્રથમ માળ **શેઠ. મગનલાલ ઠાકરસીનાં પુત્રવધુ બહેન સમરતને** સાડાદસના અમલે તેમના ભત્રીજા રાજેન્દ્રકુમારે બેન્ડના સરોદો વચ્ચે પહેરાવવી સરૂ કર્યા બાદ ક્રમવાર એક પછી એક ઉછામણીવાળાઓએ માળ પહેરાવવા માંડી જે માળાપરિધાન વીધી બારેક વાગ્યાં સુધી ચાલ્યા, બાદ શેઠશ્રી તરફથી માળ પહેરનારા આખા સમૂહનો વ્યવસ્થીત ગ્રુપ લેવડાવ્યા બાદ અનેક બેન્ડો સહિત મુનિમંડળ સાથે સકળ સંઘ સમેતશીખરજીના જિનાલયે આડંબર પૂર્વક દર્શન કરી સૌ પોતપોતાના સ્થળે વાજીંત્રો સાથે વીખરાયાં હતાં.



શેઠ મગનલાલ ઠાકરસી તરફના ઉપધાનમાં માળા પરિધાન કરનારાઓનું સામુદાયિક દૃશ્ય.



બ્હેન સમરતને તેમના ભત્રીજા રાજેન્દ્રકુમારે માળા પહેરાવતા સમયનું દ્રષ્ય.



શેઠ મગનલાલ ઠાકરસી તરફના ઉપધાનની માળાના વરઘોડાના શ્રમણ-શ્રાવક સંઘનું દ્રષ્ય.

## આચાર્યદેવ શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી અને

## પં. કલ્યાણવિજયજી વચ્ચેનો

# પત્ર વ્યવહાર

શાન્ત, દાન્ત, મહંત, વૈરાગી, ગુણોયુક્ત, શ્રીમાન જૈનાચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ તરફથી તા. ૧૫-૧૧-૪૦ ના વીર-શાસનમાં "પૂજ્યશ્રી આણંદવિમળસૂરીશ્વરજી મહારાજના નામવાળું પાનું જો શ્રીતપાગચ્છની માન્યતા મુજબનું સાચું છે, એ પુરવાર થઇ જાય તો તેમ માનવા અને કરવા તૈયાર છું, અરે ભાઇ! અત્યાર સુધી અમે આ જે કર્યું તેનું પ્રાયશ્ચિત લેવા પણ તૈયાર છું." આ પ્રકારનું આવ્હાન થતાં પં. કલ્યાણવિજયજીએ તે પાનું શ્રીતપાગચ્છની માન્યતા મુજબનું સિદ્ધ કરી આપવા તે આવ્હાનનો સ્વીકાર કરી તા. ૨૩-૧૧-૪૦ થી શરૂ કરેલો પત્ર વ્યવહાર અને પુ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ તરફથી આવેલા પ્રત્યુત્તરો ક્રમસહ જનતાની વિચારણા અર્થે અહીં રજુ કરીએ છીએ—

તા. ૨૩-૧૧-૪૦ અને તા. ૨૬-૧૧-૪૦ નો **લખાયેલ પત્ર**

## એ પાનું તપગચ્છની માન્યતાનું છે

### આચાર્ય દેવશ્રી સિદ્ધિસૂરિશ્વરજી મહારાજને વિજ્ઞપ્તિ.

[આની એક હસ્તપ્રત તા. ૨૩-૧૧-૪૦ ના રોજ હાથોહાથ અને એક હસ્તપ્રત રજીષ્ટરથી આચાર્યદેવ તરફ તા. ૨૬-૧૧-૪૦ના રોજ મોકલી આપી છે.]

'વીરશાસન' તા. ૨૨-૧૧-૪૦ માં આ પ્રમાણે છપાયું છે:—

**"પૂજ્ય શ્રી આણંદવિમલસૂરીશ્વરજી મહારાજના નામવાળું સોળમી સદીનું પાનું બતાવે છે તે શું?"**

આ પ્રશ્નનો ઉત્તર આપતાં જ પૂ૦ શાન્તતપોમૂર્તિ, વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાએ વર્તમાન તિથિદિનચર્ચાનો નીવેડો લાવવા માટેનો એક અતિ સરલ અને ઘણો જ સુંદર ઉપાય દર્શાવ્યો હતો. પૂ૦ વયોવૃદ્ધ આચાર્યદેવનો ઉત્તર એવો હતો કે,

**"એ પાનામાં કેવું લખાણ છે. તે તો જુઓ! એની ભાષા જુઓ! આપણા ગચ્છની માન્યતાથી વિરૂદ્ધની ગાથાઓ એમાં છે, પણ એ બધી વાત પછી, આપણે ટુંકી જ વાત કરીએ. એ પાનું જો શ્રી તપગચ્છની માન્યતા મુજબનું સાચું છે, એ પુરવાર થઈ જાય તો હું તેમ માનવા અને કરવા તૈયાર છું. અરે ભાઈ! અત્યારસુધી અમે આ જે કર્યું, તેનું પ્રાયશ્ચિત લેવા પણ તૈયાર છું"**

આ લખાણ—આચાર્યદેવશ્રીના આ શબ્દોને અમે વધાવી લઈએ છીએ. તેઓશ્રી-માનના આ મન્તવ્યનો રદીઓ મારે નમ્રભાવે આપવો જોઈએ કે, **આ પાનું જે અમોએ બહાર પાડેલ છે તે પાનું તપાગચ્છની માન્યતાનું છે, તેવું શ્રી શ્રમણ સંઘે સ્થાપિત કરેલી નવની કમીટી અથવા-મધ્યસ્થ કમીટી પાસે સાબીત કરી આપવા લેખક તૈયાર છે. તો આ વિજ્ઞપ્તિને સ્વીકારી સં. ૧૯૯૭ ના માગસર સુદ ૧૧ સુધીમાં એ નવની કમીટી યા મધ્યસ્થ કમીટી બોલાવી આ પ્રશ્ન તેમની પાસે રજુ કરવા તેઓશ્રીમાને તૈયારી કરવી જોઈએ.** જો માગસર સુદ ૧૧ સુધીમાં આવી એક કમીટી સમક્ષ આ પ્રશ્ન રજુ કરવામાં ન આવે તો જનતાને એ પાનું સાચું છે એમ માનવાનો હક્ક રહેશે.

આ પ્રશ્નમાં એકપણ શ્રાવકને સ્થાન ન આપવું જોઈએ. તેમ જ તેમની પાસે ઉહાપોહ ન કરાવવો જોઈએ. આ તિથિનો પ્રશ્ન અને પાનું તપાગચ્છની માન્યતાનું છે કે કેમ એ પ્રશ્નો શ્રમણસંઘે જ વિચારવાના હોવાથી તેમજ તેઓજ આ પ્રશ્નોનો નિકાલ કરી શકે તેમ હોઈ ગૃહસ્થોને આ પ્રશ્નમાં વચ્ચે ન આવવા દેવા જોઈએ, કમીટી બોલાવવા આપ જ આમંત્રણ મોકલશો.

સમાજમાં વયોવૃદ્ધ આચાર્યદેવ તરીકેનું આપનું સ્થાન અખંડ રાખવા ખાતર પણ મારી આ વિજ્ઞપ્તિ સ્વીકારી કલેશ કંકાસને નાબુદ કરવા તૈયાર થઈ આપ આ પત્રની આપના હસ્તાક્ષરની પહોંચ માગસર સુદ ૧૧ પહેલાં મોકલી આપશો એવી આશા રાખુ છું.

સં૦ ૧૯૯૭. કાર્તિક વદ ૯
તા. ૨૩-૧૧-૪૦

લી૦
**પં૦ કલ્યાણવિજયજી.**
શાહીબાગ—**અમદાવાદ.**

**નોટઃ**—સદર બન્ને પત્રો એકજ **સરખાજ** ઉપર મુજબ લખાયેલા, હસ્તદોષથી કોઇ જગ્યાએ કાંઇ રહી ગયેલ હોય એ બનવાયોગ છે. તેમજ તા. ૨૬ મીની તા. ક. અનાવ્યસ્યક ગણી આપેલ નહોતી.

# પૂ. શ્રી વિજયસિદ્ધિસૂરિજી તરફનો
# તા. ૨૭—૧૧—૪૦ નો પ્રત્યુત્તર.

શ્રી

પૂ. પરમ ગુરૂદેવ, **આચાર્યવર્ય્ય શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજાની **આજ્ઞાથી** લિ. તેઓશ્રીનો ચરણકિંકર મુનિ **ભદ્રંકરવિજય.** તંત્ર પં.

શ્રી કલ્યાણવિજયજી જોગ જણાવવાનું કે–"આચાર્ય શ્રી **વિજયનીતિસૂરિજીએ** લહીયા પાસે લખાવીને **પૂ. શ્રી આણંદવિમલસૂરીશ્વરજી** મહારાજાની આજ્ઞા અને આચરણા આદિ દર્શાવતું હોય તેવું પાનું કે જેની એક નકલ અમોને મોકલવામાં આવી હતી તેમજ જે પાનાને 'જૈન' અને 'જૈન ધર્મપ્રકાશ'માં તમારી ધારણા મુજબના અર્થ આદિ સાથે તમારા સમુદાયના પંન્યાસ શ્રી સંપતવિજયજીની સહીથી પ્રગટ કરાવવામાં આવ્યું હતું, **તે પાનું જો શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું પૂરવાર થઈ જાય, તો અમો તે મુજબ માનવા, કરવા અને એથી આગળ વધીને જરૂરી પ્રાયશ્ચિત્ત લેવા પણ તૈયાર છીએ."**–આવા પ્રકારના અમારા ખુલાસાના આધારે તમોએ લખી મોકલાવેલો કાગળ મળ્યો. **મજકુર પાનાને તમોએ શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું પૂરવાર કરી આપવાની તૈયારી દેખાડી એ આનંદની વાત છે,** તો હવે તમો હાલ તૂર્તને માટે નીચે જણાવેલા **પુરાવાઓ** સાથે તેની નીચે જણાવવામાં આવતી બાબતોના **ખુલાસાઓ** લખીને મોકલી આપશો.

મજકુર પાનાની શાહી, તેમાંની ભાષા અને તેનો કાગળ આદિ સોલમી સદીનાં છે કે કેમ ?–તેનો યથાર્થ નિર્ણય થઇ શકે એ માટે (૧) તે અસલ પાનું (૨) તે અસલ પાનાને લખનારે બીજી જે પ્રતો લખેલી હોય તે પૈકીની એક યા વધુ પ્રતો, (૩) તે વખતમાં આપણા શાસનમાં પ્રચલિત ભાષામાં લખાએલા અન્ય ગ્રન્થો અને (૪) સદરહુ પાનાનો પ્રમાણ તરીકે ઉલ્લેખ કરાયો હોય તેવા જે કોઈ પ્રમાણિક ગ્રંથો હોય, તે જરૂરી સ્થલે નિશાનીઓ કરીને પૂરાવા તરીકે મોકલી આપશો.

ઉપર લખેલા પૂરાવાઓ મોકલવા સાથે **નીચે લખેલી બાબતોના પણ વિગતવાર ઉત્તરો પ્રતિપાદક શૈલિથી લખી** મોકલશો:—

(૧) મજકુર પાનામાં પ્રમાણ રૂપે ટાંકવામાં આવેલી ગાથાઓ પૈકીની અમુક ગાથાઓ અંચલગચ્છીય આચાર્યે તૈયાર કરેલા રત્નસંચય નામના ગ્રન્થમાં છે કે નહિ ? જો તેમ છે, તો પછી કયાં કારણોસર મજકુર પાનાને અપ્રમાણિક કહી શકાય નહિ ?

(૨) મજકુર પાનાનો તમારા સમુદાય તરફથી 'જૈન' અને 'જૈન ધર્મ પ્રકાશ' એમાં જે અર્થ પ્રગટ કરાવવામાં આવ્યો છે, તે બરાબર છે ? જો તે અર્થ બરાબર જ હોય, તો તેમાં—

(અ) મહિનાના અડધા ભાગે પાખી ગણવી,

(આ) સોળમે દિવસે ચતુર્દશીનું આરાધન થઈ શકતું નથી.

(इ) આઠમ નવમા દિવસે થઇ શકે નહિ,

(ई) પાક્ષિક પ્રતિક્રમણથી સાડા સાત દિવસ વ્યતીત થયે આઠમ આવે, અને

(उ) પખવાડીયાના બરાબર સંધાનમાં જેમ મધ્યભાગે આઠમ તિથિ આવે છે તેમજ મહિનાના વચગાળે પાક્ષિક પ્રતિક્રમણ કરવું, તથા

(ऊ) પૂનમ કે અમાસની વૃદ્ધિએ તેરસે તેનો અંશ રહેલો હોય છે.

—આ વિગેરે જે જણાવેલું છે, તે તેની આજુબાજુના સંબંધ સાથે જોતાં કેવી રીતિએ શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું ઠરે છે અને અંચલગચ્છની માન્યતા વિરૂદ્ધનું ઠરે છે, તે જણાવશો.

(૩) રત્નસંચયનું ભાષાન્તર કરનાર ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ શા. કુંવરજી આણંદજીએ તે ગાથાઓ અંચલગચ્છની માન્યતાવાળી હોવાનું સં. ૧૯૮૫માં જાહેર કરેલું છે, તો તે બરાબર નથી? અને બરાબર નથી તો તેનું કારણ શું છે?

(૪) તેવી ગાથાઓ બનાવીને તે પ્રક્ષિપ્ત કરી હોવાનું શ્રી પ્રવચન પરીક્ષા નામના ગ્રંથમાં જણાવેલું છે, તે વિષે તમારો શો ખુલાસો છે?

(૫) પૂ. શ્રી આણંદવિમલસૂરીશ્વરજી મહારાજા અને પૂ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટક આદિની ભાષાથી, મજકુર પાનાની ઉપરના ભાગના લખાણની ભાષા જૂદી પડે છે કે નહિ? જૂદી પડતી હોય તો તે વિષે તમારો શો ખુલાસો છે?

(૬) "આચાર્ય શ્રી **વિજયનીતિસૂરિજી**ની આજ્ઞાથી લેખક-**દયાવિજય** ઉપાધ્યાય"—એ રીતિએ તમારા સમુદાય તરફથી **સં. ૧૯૯૯** માં પ્રગટ થયેલી **"પર્યુષણ પર્વની તિથિનો વિચાર અને સંવચ્છરીનો નિર્ણય"** નામની ચોપડીમાં ચોથા પાને લખ્યું છે કે-"હવે આ વખતે ભાદરવા સુદિ ૫ નો ક્ષય છે, પણ પાંચમ પર્વતિથિ હોવાથી તેનો ક્ષય ન થાય માટે તેનું કાર્ય ભાદરવા સુદિ ૪ થે કરવું જોઇએ. અને ભાદરવા સુદિ ૪ સૂર્યોદય સમયથી માંડી ચાર ઘડી અને એક પળ સુધી હોવાથી અને તે પ્રધાન વાર્ષિક પર્વરૂપ હોવાથી તેનું કૃત્ય પણ ચતુર્થીએ કરવું જોઇએ. **એટલે વાર્ષિક પર્વના કૃત્યમાં પંચમીના કૃત્યનો સમાવેશ થાય."** વળી એજ ચોપડીના એજ ચોથા પાનામાં શ્રી **શ્રાદ્ધવિધિ**ના પાઠનો અર્થ આપતાં લખેલું છે કે-**"સૂર્યોદય વખતે જે તિથિ હોય છે તે પ્રમાણ છે. તેને બદલે બીજી તિથિમાં કરવામાં આવે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના**

પ્રાપ્ત થાય છે." આ તેમજ સમાપ્તિસૂચક ઉદય માન્ય કરવાના વિધાન આદિનો મજકુર પાનાને માન્ય રાખવાથી અપલાપ થાય છે કે નહિ ? જો અપલાપ થાય છે, તો મજકુર પાનાને શાથી અપ્રમાણિક માની શકાય નહિ ? અને જો અપલાપ નથી થતો તો કેવી રીતિએ અપલાપ નથી થતો ?

હાલ તૂર્તને માટે તમો ઉપર લખેલી બાબતોના ખુલાસાઓ વિગતવાર પ્રતિપાદક શૈલિએ લખીને મોકલી આપવા સાથે, તેની ઉપર જણાવેલ અસલ પાનું વિગેરે પૂરાવાઓ મોકલી આપશો. તે આવ્યેથી જોઇ-વિચારીને અમને જો વધુ પૂરાવાઓ મંગાવવાની અગર તો વધુ ખુલાસાઓ પૂછાવવાની જરૂર લાગશે, તો તે મુજબ અમો તમોને લખી મોકલીશું એટલે તે પણ મોકલવાની ગોઠવણ કરશો. **અમોને જો એ બધું તપાસતાં ખાત્રી થશે કે-મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું જ છે, તો અમો અમારા ખૂલાસામાં જણાવ્યા મુજબ માનવા, વર્તવા અને પ્રાયશ્ચિત્ત લેવા પણ તૈયારજ છીએ, તેની ખાત્રી રાખશો.**

ઉપર મંગાવ્યા મુજબના પૂરાવાઓ અને લેખિત ખૂલાસાઓ તમો તમોને આ પત્ર મળ્યેથી કેટલી મુદતમાં મોકલી શકશો, તે આ પત્રની પહોંચ લખવા સાથે જણાવશો તેમજ એ વાત પણ જણાવશો કે-તમો જો સદરહુ પાનાને શ્રીતપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું સાબીત કરી આપવાને માટે જરૂરી એવા પૂરાવાઓ અને ખૂલાસાઓ આપવામાં નિષ્ફળ નિવડો અગરતો તમો જે પૂરાવાઓ અને ખૂલાસાઓ આપો તેને વ્યાજબી પૂરવાર કરી શકો નહિ એટલે **મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું નથી તથા સાચું નથી એમ ઠરે, તો તમો અને તમારા ગુર્વાદિક હાલની તમારી માન્યતા અને આચરણા ફેરવીને, હાલ અમો જેને શાસ્ત્રાનુસારિણી માન્યતા અને આચરણા કહીએ છીએ, તેનો સ્વીકાર કરવાને તૈયાર છો કે કેમ ?**

હવે તમોએ નવની કમીટી અગર તો મધ્યસ્થ કમીટીની જે વાત લખી છે, તે વિષે જણાવવાનું કે-**નવની કમીટીની નીમણુંક તો, ઘણા મુદ્દાઓ ૨૬ કરીને તારવેલા ૧૧ મુદ્દાઓનો નિર્ણય કરવા પૂરતી જ હતી. વળી તે નવની કમીટીમાં ઇતરગચ્છીય આચાર્યાદિ પણ હતા તથા નવમાંના કેટલાક હાલ વિદ્યમાન નથી તેમજ નવમાં જેટલા શ્રીતપાગચ્છના આચાર્યો હતા તેમાંના હાલ જે વિદ્યમાન છે તે પક્ષકાર બનેલા હોવાથી, તેવી કમીટી સમક્ષ સાબીત કરવાની તમોએ કરેલી વાત અસ્થાને છે.**

એ સિવાયની સમિતિની તમે વાત કરતા હો, તો ય તેની જરૂર ક્યારે પડે? મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું સાબીત કરી આપવા માટે જરૂરી પૂરાવાઓ તથા લેખિત ખૂલાસાઓ તમો મોકલી આપો અને તે વ્યાજબી હોય તે છતાં પણ અમો તેના સ્વીકારનો ઇનકાર કરીએ ત્યારે! પણ તેવું કાંઈ છે જ નહિ, કારણ કે-**તેવા પૂરાવાઓ તથા લેખિત ખૂલાસાઓ મોકલી આપવામાં આવે અને તે જો વ્યાજબીજ હોય, તો અમો તે સ્વીકારવાને માટે પરિપૂર્ણ રીતિએ તૈયાર છીએ.**

તમે કદાચ એમ કહેશો કે-"અમો અમારા પ્રચારેલા પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું સાબીત કરી આપનારા પૂરાવાઓ તથા લેખિત ખુલાસાઓ મોકલી આપીએ અને તે વ્યાજબી જ હોય, તે છતાં તમો નજ સ્વીકારો તો પછી શું કરવું?" એનો ખુલાસો એ છે કે-તેવો કોઈ પ્રસંગ આવવાની સ્વપ્ને પણ આશા નથી જ, છતાં **તેવો પ્રસંગ આવી જાય, તો તે વખતે ખૂશીની સાથે આપણુ સૌને સમ્મત એવી એક નિર્ણયકારિણી સમિતિ નીમી, તે સમિતિ સમક્ષ આપણી વચ્ચે થયેલાં લખાણો પૂરાવાઓ સાથે મૂકજો અને તે ઉપરથી તે સમિતિ જે નિર્ણય ઉપર આવે તે નિર્ણય આપણુ સૌને બન્ધનકારક હોય તેવી વ્યવસ્થા પણ મજકુર સમિતિ નીમતી વેળાએ જરૂરથી કરજો.** અમો તેમાં વાંધો લઈશું નહિ તેમ તમો અને તમારા ગુર્વાદિકથી પણ એમાં વાંધો લઇ શકાશે નહિ.

આથી એજ જણાવવાનું કે-હાલ કમીટીની કશી જ પંચાતમાં પડયા વિના, અમોએ આ પત્રમાં મંગાવેલા પૂરાવાઓ તથા લેખિત ખુલાસાઓ મોકલી આપવાની તજવીજ કરશો. **આપણું ધ્યેય યોગ્ય નિર્ણય દ્વારા સમાજના સંક્ષોભને દૂર કરવાનું છે અને એ માટે જ આ સહેલામાં સહેલો ઉપાય અમોએ સૂચવેલો છે, એ વાત હર પળે ધ્યાનમાં રાખશો.** હાલ એજ. શ્રી વીર સં. ૨૪૬૭, વિ. સં. ૧૯૯૭ના કારતક વદ ૧૩, તા. ૨૭-૧૧-૪૦ બુધવાર.

(સહી) મુનિ ભદ્રંકરવિજય

**તા. ક.** તમોએ તમારા કાગળમાં અમારા મજકુર પાના સંબંધી ખુલાસામાંના કેટલાક શબ્દો છોડી દીધા છે તેમજ તમારા કાગળમાં બીજી પણ કેટલીક ભૂલો છે, પણ તેને આગળ નહિ કરવામાં અમારો આશય એ જ છે કે-મૂળ મુદ્દા ઉપર આપણે ઝટ આવી શકીએ.

(સહી) મુનિ ભદ્રંકરવિજય

જનતા આ પત્રથી જાણી શકી હશે કે-આ પત્રમાં તેઓશ્રીમાન્ જણાવે છે કે. એ પાના અંગેના તમામ ખુલાસાઓ અમારી પાસે રજુ કરો. એ અમો જોઇને પછી જે નવા બીજા ખુલાસા માગીએ તે આપજો, અને પછી જો અમે તેનો સ્વીકાર ન કરીએ તો મધ્યસ્થ કમીટી નીમવાનો સવાલ ઉભો થાય. ત્યારે કમીટી નીમવાની વાતમાં ઉતરીશું. વળી વધુમાં તેઓ શ્રીમાન્ જણાવે છે. કે-નવની કમીટીમાંના વિદ્યમાન તપાગચ્છના આચાર્યદેવાદિ પક્ષીય હોઈ તેમની પાસે રજુઆત કરવાનું અસ્થાને છે. આ જવાબ વયોવૃદ્ધ આચાર્યદેવશ્રી. વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજે 'વીરશાસન' તા. ૧૫-૧૧-૪૦ માં કરેલી માગણી મુજબ પં. કલ્યાણવિજયજીએ ચર્ચાનો અંત લાવવા ખાતર-એ પાનું તપાગચ્છની માન્યતાવાળું સિદ્ધ કરી આપવાની બતાવેલી તૈયારીથી કેટલો જુદો પડી બેશુરો અવાજ કાઢી ચર્ચાને લંબાવવાનો પ્રયત્ન કરે છે, કે? નહિ?. તેનો વિચાર જનતાજ કરી લે.

ખરી રીતે ચર્ચાનો અંત લાવવાની ઇચ્છા હોત તો આવી રીતે પ્રશ્નો પુછી ચર્ચા લંબાવવા કરતાં તેઓ શ્રીમાનને નવની કમીટી અસ્થાને લાગતી હતી તો તેના બદલે પં. કલ્યાણવિજયજીએ પોતાના પત્રમાં કરેલ માગણી મુજબ મધ્યસ્થ કમીટી નીમી જણાવ્યું હોત તો આ ચર્ચાનો જલદી અંત આવત અને જૈનસમાજ તિથિનો વિરાધક બનતો અટકત.

## પં. કલ્યાણવિજય તરફથી તા. ૨-૧૨-૪૦ નો લખાયેલ પત્ર.

### શ્રીમાન્ આચાર્ય વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજને વિજ્ઞપ્તિ.

શાન્ત, દાન્ત, મહંત, વૈરાગી, ગુણોપ્રયુક્ત, શ્રીમાન્ જૈનાચાર્ય વિજયસિદ્ધિ-સૂરીશ્વરજી મહારાજ ઉપર જે બે પત્રો લખ્યા છે. તેનો જવાબ આપે નહિ આપતાં તા. ૨૭-૧૧-૪૦ બુધવાર મુનિ ભદ્રંકરવિજયજીની પાને પાને સહી કરાવી લખેલો પત્ર અમોને મળ્યો છે. તેના જવાબમાં જણાવવાનું કે, તમોએ જે જે પ્રશ્નો પુછેલા છે. તે તે પ્રશ્નોના પ્રત્યુત્તરો અમો તમોને આપી શકીએ નહિ. કારણ કે, અમે તો આપને લખેલું કે—શ્રમણસંઘની નવની કમીટી યા મધ્યસ્થ કમીટી આગળ સદરહુ તિથિચર્ચાના ઉદ્દેશો તેમજ તેના નિર્ણયનું પાનું વગેરે રજુ કરવા તૈયાર છીએ. અને તમો તમારૂં મન્તવ્ય તે કમીટી આગળ રજુ કરી શકો છો. વાસ્તે વિશેષ ઉહા-પોહ નહિ કરતાં શ્રમણસંઘની કમીટીને એકત્ર કરવા પ્રયાસ કરવો એજ ફલિતાર્થ.

શ્રમણસંઘ ન્યાયાધીશ છે, તે તો તમારા ધ્યાન બહાર નહિ હોય.

એક બીજાઓનાં લખાણોથી વિશેષ વૈમનસ્યોનાં કારણો વૃદ્ધિ પામતાં દેખાય છે. વાસ્તેજ આ બાબતનો માગસર સુદ ૧૧ સોમવાર સુધી ખુલાસો થાય એજ વિજ્ઞપ્તિ.

મી૦ માગસર સુદ ૩ } લી. પં. કલ્યાણવિજય.
સોમવાર. } શાહીબાગ.

આવી સ્પષ્ટ વિગતવાળો પત્ર તા. ૨–૧૨–૪૦ ના રોજ મોકલી આપવામાં આવ્યો છે. હજુપણ તિથિચર્ચાના ઉદ્દેશો તેમજ તેના નિર્ણયનું પાનું સાબીત કરી આપવા પં. કલ્યાણવિજયજી તૈયારજ છે. તેવું તેમના ઉપરોક્ત પત્રથી જૈનજનતાને સહેજે વિદિત થાય તેમ છે. એટલે વધુ કહેવાની અહીં જરૂરત રહેતી નથી.

લેખીત ચર્ચામાં ઉતરવાથી ચર્ચાનો અંત આવવાને બદલે યદ્વાતદ્વા નવા પ્રશ્નો ઉભા થતાં ચર્ચા લંબાઇ વધુ કલેશનો ઉદ્‌ભવ થાય છે. જ્યારે મૌખિક ચર્ચા અને કમીટીના નિર્ણયથી ચર્ચાનો ત્વરાથી અંત આવવા સાથે સમાજની ઐક્યતા વધે છે, અને આ પ્રણાલી સમાજની તંદુરસ્તી માટે હિતકર પણ છે.

## પૂ૦ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી તરફનો.

# પ્રત્યુત્તર

પૂ૦ પરમ ગુરૂદેવ, આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી લિ૦ તેઓશ્રીનો ચરણ કિંકર મુનિ ભદ્રંકરવિજય.

તત્ર પં૦ શ્રી કલ્યાણવિજયજી જોગ.

કમીટીની વાતને આગળ કરી તમે જણાવો છો કે–"તમોએ જે જે પ્રશ્નો પુછેલા છે, તે તે પ્રશ્નોના પ્રત્યુત્તરો અમો તમોને આપી શકીએ નહિ" એથી એવી કલ્પનાને કારણ મળે છે કે,–'મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું નથી એવી તમને ખાત્રી થઈ છે. પણ થઈ ગયેલી ભુલને સુધારવાની તમારી મરજી નથી" છતાં હજુય હું તો તા. ૨૭–૧૧–૪૦ બુધવારના પત્રમાં જણાવેલી રીતીએ તમો જો મજકુર પાનાને શ્રીતપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું પુરવાર કરી આપી શકો, તો તેમ માનવા, કરવા અને તેમ નહિ કર્યા બદલ પ્રાયશ્ચિત લેવા તૈયાર જ છું.

તમે જરૂરી પુરાવા તથા લેખિત ખુલાસા મોકલો અને તે વ્યાજબી હોય છતાં હું નમાનું તો તમે ખુશીની સાથે સર્વ સમ્મત નિર્ણયકારિણી સમિતિ નીમી સર્વને બંધનકારક નિર્ણય મેળવો તે મારે પણ કબુલ રાખવો, એ વાત તો તમને પૂર્વે જણાવી દીધી છે.

તમારા સમુદાય તરફથી બે ચોપડીઓ બહાર પડી, પાનું છપાવાયું, લેખો લખી પ્રસિદ્ધ કરાયા અને હવે આ વાતમાં લેખિત જવાબનો ઇનકાર કરો, એ કેમ ચાલી શકે ? હાલ એજ. શ્રીવીર સં. ૨૪૬૭. વિ. સં. ૧૯૯૭, માગશર સુદ ૧૦ સોમવાર તા. ૯-૧૨-૪૦ મુનિ ભદ્રંકરવિજય સહી દા: પોતે.

તા. ક. હેન્ડબીલમાં તમે તા. ૨-૧૨-૪૦ સોમવારે રજીષ્ટરથી પત્ર મોકલ્યાનું જણાવ્યું છે. પણ હજુ સુધી તે મલ્યો નથી. છતાં હેન્ડબીલમાં તે પત્રની નકલ હોઈ તેના આધારે આ જવાબ લખ્યો છે. મુ. ભદ્રંકરવિજય સહી દા. પોતે.

આ ઉપરથી જણાશે કે-ફરી ફરીને એકજ લખાણ વ્યક્તિગત તેઓ શ્રીમાનને પુરાવા બતાવવા અને તે જોયા બાદ વિશેષ પુરાવાની માગણી કરે તો તે પુરા પાડવા અને તેથી તેઓ સંતુષ્ટ થાય તો તે મુજબ આચરણા તેઓ શ્રીમાન ન કરે તો સર્વ સમ્મત નિર્ણયકારીણી સમિતિ નીમી સર્વને બંધનકારક નિર્ણય મેળવવાનું છે. આહ્વાન આપવા છતાં વાદી બનવું નથી. પણ પક્ષકાર રહી પ્રતિપક્ષને પોતાનો પક્ષ અમોને અંગત સમજાવી જાઓ તેમ કહેવું, અને જોયા પછી અનુકુળતા હોય તો આચરવું. નહિતર આ પાનાની માફક દુધમાંથી પોરા કાઢી અનેક વિતંડાવાદ ઉભા કરવાનોજ આશય હોય એ સ્વભાવિક જનતા સમજી શકે તેવું છે. અને તેથી જ આ નીચે જે પત્ર રજુ થાય છે, તે સવિસ્તર ઉપરોક્ત પત્રનો જવાબ પુરો પાડે છે.

## પં. કલ્યાણવિજયજી તરફથી તા. ૧૩-૧૨-૪૦ નો લખાયેલો પત્ર

# શ્રીમદ્ જૈનાચાર્ય વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજને વિજ્ઞપ્તિ.

માગશર સુદ ૩ તા. ૨-૧૨-૪૦ ના રોજ આપશ્રીમાન્ ઉપર રજીષ્ટરપત્ર રસીદ નં. ૭૮૩ વાળો રીચીરોડ પોષ્ટ ઓફિસેથી રવાના કરેલો તે આપશ્રીમાન્‌ને મળેલ નથી. એમ આપશ્રીમાન્ તા. ૯-૧૨-૪૦ ના પત્રમાં જણાવોછો. તે જાણી આશ્ચર્ય થાય છે. આપશ્રીમાન્ શહેરમાં જ હોવા છતાં આઠ દિવસ સુધી સ્થાનિક રજીસ્ટર મલે નહિ, એમ થવામાં પોષ્ટ ડિપાર્ટમેન્ટની ભુલ કે કુદરતની ભુલ તે સમજાતું નથી.

આપશ્રીમાન્‌ની આજ્ઞાથી લખાયેલ મુનિ ભદ્રંકરવિજયજીની સહીવાળો પત્ર વાંચી સખેદ લખવું પડે છે કે, ન્યાયાધીશની કોર્ટમાં વાદી, પ્રતિવાદી હાજર થાય ત્યારે વાદી, પ્રતિવાદીનું રેકર્ડ જોવા માગે તો તે રેકર્ડ પ્રતિવાદી આપી શકે ખરો કે ? સર્વમાન્ય નિયમ પ્રમાણે તો બન્ને પક્ષ પોતપોતાના પુરાવાઓ ન્યાયની અદાલતમાં રજુ કરે અને એ પુરાવાઓનું તથ્ય પારખી અદાલતનો અધિકારી ચુકાદો આપે. અને તે બન્ને પક્ષને બંધનકારક રહે.

અમારા સમુદાયે આજસુધીમાં પ્રકાશનમાં મુકેલી પુસ્તિકાઓ, પાનાની સમીક્ષા કે, ચર્ચાસ્પદ લેખનો પુર્વાચાર્યોની સત્યવસ્તુ સમાજને સાચી દોરવણી આપવા ધરેલ છે. પણ આપશ્રીમાન્‌ને પૂર્વાચાર્યોની તે સત્ય વસ્તુઓ અસત્ય લાગે છે. એટલું જ નહિ પણ તિથિ અને પાનાની ચર્ચાએ કેટલોયે કાળ થયાં પેપરોદ્વારા ઉહાપોહ મચાવી, વૈમનસ્યો વધારી, કુસંપનું વાવેતર વવરાવી દીધું હતું. ઓછામાં પુરૂં આ સાલની કાર્તિક બે પુર્ણિમાએ સમાજમાં ભીષણ ઝંઝાવાત ખડો કર્યો. પણ એ અતિ ઉગ્રતામાં આપના શ્રીમુખેથી બોલાઇ ગયેલા, 'વીરશાસન' તા. ૧૫–૧૧–૪૦ માંના થોડા શબ્દોમાં અમે સમાજશાંતિની આશા બાંધી. એ શબ્દોના મદાર ઉપર પાનાને સિદ્ધ કરી આપવા મેં તૈયારી બતાવી, માગશર સુદ ૧૧ સુધીમાં નવની કમીટી યા શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી નીમવા આપશ્રીમાન્‌ને તા. ૨૬–૧૧–૪૦ ના રજીસ્ટરપત્રથી વિજ્ઞપ્તિ મોકલી આ વિજ્ઞપ્તિ સ્વીકારીને કમીટી નીમવાની વાતને અળગી મુકી, આપે તા. ૨૭–૧૧–૪૦ ના આપશ્રીની આજ્ઞાથી મુનિ ભદ્રંકરવિજયની સહી વાળો પત્ર મોકલી પાના અંગેના લેખીત પુરાવા માગ્યા. અને એ પછી વધુ પુરાવાઓ જોઇએ તો તેની પણ માગણી રજુ કરી કમીટીની વાતને આગળ ઉપર લંબાવી. આ વાત 'વીરશાસન' તા. ૧૫–૧૧–૪૦ માંની આપની જાહેરાત અને અમારી તૈયારીથી કેટલી આડે રસ્તે ચડી જનારી છે. તેનો આપશ્રીમાને અને જનતાએ જ વિચાર કરી લેવો જોઇએ. સારાંશમાં તા. ૨૭–૧૧–૪૦ ના પત્રમાં આપે જણાવ્યું. તે પ્રમાણે અમે આપને ખુલાસાઓ આપી શકીએ નહિ. એ ખુલાસાઓ તો અમે નવની કમીટી પાસે અને તે આપશ્રીમાનને અસ્થાને લાગતી હોય તો શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી પાસે જ રજુ કરી શકીએ. અને એ પ્રમાણે તો અમે હજુ પણ તૈયાર જ છીએ.

આપ આપશ્રીના માગશર સુદ ૧૦ ના પત્રના પહેલા પારિગ્રાફમાં લખાવો છો કે. તમો અમોને તા. ૨૭–૧૧–૪૦ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે ખુલાસાઓ ન આપી શકોતો "એથી એવી કલ્પનાને કારણ મલે છે કે,-મજકુર પાનું શ્રીતપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું નથી એવી તમને ખાત્રી થઇ છે, પણ થઇ ગયેલી ભુલને સુધારવાની તમારી મરજી નથી." આવી મનમાની કલ્પના તો આપશ્રીમાન જ કરી શકો. અને એવી કલ્પનાથી આપશ્રીમાન્ તિથિચર્ચાના નિર્ણયને ખોરંભે ચડાવવા જ માગો છો તેમજ સિદ્ધ થાય છે. અમારી તો પૂર્વાચાર્યોના કથનમાં સંપૂર્ણ ખાત્રી હોવાથી જ નિર્ણયાત્મક કમીટી પાસે સિદ્ધ કરી આપવા હજુ પણ તૈયારી જ છે.

આટલા ઉપરથી જનતા સમજી લેશે કે. અમે તો તે પૂર્વાચાર્યના પાનાને સાચું જ માનીએ છીએ. અને તેથી જ હિંમતપૂર્વક સિદ્ધ કરી આપવા તૈયાર જ છીએ. પણ આપશ્રીમાન્ તે પાનાને ખોટું માનવા છતાં નિર્ણયાત્મક કમીટી મારફત તે પાનાને ખોટું સિદ્ધ કરી આપવાની ઈચ્છા પણ દેખાડતા નથી.

એજ દેખાડી આપે છે કે: આપ શ્રીમાન્ આ ચર્ચામાંથી છટકવા માગો છો. અમને તો લાગે છે કે. એથી જ આપશ્રીમાન્ અમારી માગણી મુજબ નવની કમીટી અસ્થાને લાગતી હોય તો શ્રી શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી નીમવાની અમારી સીધી વાતનો સ્વીકાર કરતાં અચકાઓ છો.

લેખીત ચર્ચા પ્રજામત કેળવવા જરૂરી હોવા છતાં એ પરિણામે તો ભાગલા પાડવાનું જ કામ કરે છે. એટલે જો ચર્ચાનો અંત લાવવો હોય તો નવની કમીટી યા શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી પાસે મૌખિક ચર્ચા કર્યા સિવાય લાવી શકાશે નહિ. બાકી પક્ષકાર પરસ્પર વિવાદ કરી ચર્ચા કરે તેમાં પરિણામની આશા હોય જ નહિ. અને જેમાં ફળપ્રાપ્તિ ન જ હોય એવા પ્રયત્નોમાં સુજ્ઞોએ પગલું ભરવું ઘટે નહિ.

અમોને તો લાગે છે કે આપશ્રીમાને બે પુનમ, બે આઠમ, બે પાંચમ, વિગેરેના ઉલ્લેખથી જનતાને ઉંધે રસ્તે દોરી મહાન ભુલ કરી છે. એમ આપને આપના હૃદયમાં પણ સ્પષ્ટ થઇ ચુકયું હશે. છતાં તે ભુલ સુધારવાને બદલે અમારી પાસે પુરાવાઓ માગો છો. ખરી રીતે જો આપની પ્રરૂપણા સાચી હોય તો આપશ્રીમાનેજ શ્રમણસંઘની કમીટી નીમાવી આપનું વક્તવ્ય રજુ કરવું જોઇએ. આમ ન કરતાં તા. ૧૫-૧૧-૪૦ ના વીરશાસનમાં આપશ્રીએ આહ્વાન કર્યું છતાં અમે તે આહ્વાનનો સ્વીકાર કરી મજકુર પાનાને સિદ્ધ કરી આપવા તૈયારી બતાવી. ત્યારે પણ આવા ખાનગી વ્યક્તિગત ખુલાસાઓ માગો એ કેટલું અયુક્ત ગણાય?

અંતમાં અમારી ફરીફરીને વિજ્ઞપ્તિ છે કે આપશ્રીમાને તા. ૧૫-૧૧-૪૦ના વીરશાસનમાં કરેલ આહ્વાન મુજબ પાનું સિદ્ધ કરી આપવા શ્રીશ્રમણસંઘની મધ્યસ્થ કમીટી પાસે અમો તૈયાર છીએ, એટલા ખાતર ફરીને જણાવીએ છીએ કે, માગસર વદ ૭ સુધીમાં તેવી એક કમીટીનો નિર્ણય કરી અમોને જણાવશો, તો તે કમીટી સમક્ષ અમો તે પાનું સિદ્ધ કરી આપીશું. તે સિવાય વ્યક્તિગત ખુલાસાઓ તો અમો કોઈ રીતે પણ આપી શકીશું નહિ.

ઉપરની હકીકત મુજબ આપશ્રીમાન્ માગસર વદ ૭ સુધીમાં શ્રી શ્રમણ સંઘની મધ્યસ્થ કમીટી નીમી, અમોને પાનું સિદ્ધ કરી આપવાનું નહિ જણાવો તો આપશ્રીમાન્ તે પાનાને સાચું માનો છો, તેમ સમજવાનો સમાજને અધિકાર પ્રાપ્ત થશે. અને આપે જે પ્રરૂપણા શાસ્ત્રના નામે વહેતી મુકી છે. તે શાસ્ત્રાનુસાર નથી એમ માનવાનું સમાજને કારણ મલશે. પૂર્વાચાર્યોએ મૌખિક ચર્ચા કર્યાના ઘણાએ પ્રસંગો આજપૂર્વે બન્યા છે. એથીજ પૂર્વાચાર્યોના પગલે ચાલી અમો મૌખિકચર્ચાની માગણી કરીએ છીએ.

માગસર સુદ ૧૪ શુક્રવાર<br>તા. ૧૩-૧૨-૪૦

લી૦ **પં. કલ્યાણવિજય**ની વંદણા.<br>લુવારની પોળ-ઉપાશ્રય, **અમદાવાદ.**

તા. ક.—આમ વારંવાર લખાણોના પ્રત્યુત્તરોમાં સમયનો વ્યર્થ વ્યય કરી પોષ્ટખર્ચનો સમાજ ઉપર બોજો નાંખવો એ આપશ્રીમાનને પણ હિતકર લાગશે નહિ. જેથી અમો આપશ્રીમાનને સ્પષ્ટ જણાવીએ છીએ કે. શ્રી શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી નીમી તિથિચર્ચાવાળું પાનું સિદ્ધ કરી આપવાનું જણાવ્યા સિવાય અન્ય કોઇ પ્રકારનો પત્રવ્યવહાર હવે કરશો નહિં. છતાં આપશ્રીમાન્ તરફથી તેવો પ્રત્યુત્તર થશે તો તે પત્રવ્યવહાર જનતા સમક્ષ રજુ કરી આપશ્રી સાથેનો પત્રવ્યવહાર વ્યર્થ સમજી કરીશું નહિ. ઈત્યલમ્

લી૦ **પં. કલ્યાણવિજય**ની વંદણા.

## પૂ. શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી તરફનો તા. ૧૯-૧૨-૪૦નો પ્રત્યુત્તર

પૂ. પરમ ગુરૂદેવ આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી લિ. તેઓશ્રીનો ચરણકિંકર મુનિ ભદ્રંકરવિજય.

તત્ર પંન્યાસ શ્રી કલ્યાણવિજયજી જોગ.

તમારો તા. ૧૩–૧૨–૪૦નો લખેલો પત્ર તા. ૧૪–૧૨–૪૦ શનિવારે મળ્યો. તે પછીના તા. ૧૬–૧૨–૪૦ સોમવારે તમારો તા. ૨–૧૨–૪૦નો લખેલો પત્ર મળ્યો. આમ થવામાં 'પોષ્ટ ડિપાર્ટમેન્ટની ભુલ કે કુદરતની ભુલ' નહિ, પણ સરનામાની ભૂલ એ જ કારણ જણાય છે. અમો તા. ૩૦–૧૧–૪૦થી વિદ્યાશાળાએ છીએ અને તે પત્ર ઉપર ઠેકાણું વાડીનું કરાએલું.

તમારા લંબાણ પત્રમાં મૂખ્ય મુદ્દાઓ બે છે: (૧) એક તો નવની કમીટી અગર શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી સમક્ષ જ તમે મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું ઠરાવનારા પૂરાવાઓ તથા ખૂલાસાઓ આપવા તૈયાર છો, પણ તે સિવાય તો મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું ઠરે એ માટે જરૂરી એવા જે પૂરાવાઓ તથા ખૂલાસાઓ તમારી પાસે માગ્યા, તે આપવાને તમે તૈયાર નથી. (૨) અને બીજો મુદ્દો એ કે–તમારી ઇચ્છા મુજબની કમીટી સમક્ષ પણ તમે જરૂરી બાબતોના લેખિત ખૂલાસાઓ આપવાને તૈયાર નથી.

આ બે મુદ્દાઓ પાછળ રહેલા તમારા હેતુનો વિચાર કરતાં પહેલાં, તમારા બે મુદ્દાઓનો જ વિચાર કરીએ.

નવની કમીટી ઘણા મુદ્દાઓ રદ કરીને તારવેલા ૧૧ મુદ્દાઓનો તે સમયે નિર્ણય કરવા પૂરતી જ હતી, તેમાં ઇતરગચ્છીય આચાર્યાદિ પણ હતા, તે સિવાયના જે તપાગચ્છાચાર્યો હતા તેમાંના હાલમાં અમૂક વિદ્યમાન નથી અને જેઓ વિદ્યમાન છે તે સર્વે આ ચર્ચામાં પક્ષકાર બનેલા છે. આ કારણે નવની કમીટીની વાત અસ્થાને છે એમ મેં તમને જણાવ્યું હતું અને તમે આ વાતની વિરૂદ્ધમાં

એક શબ્દ પણ ઉચ્ચારી શકયા નથી, એથી તમને પણ આ વાત તો વ્યાજબી જ લાગી હોય તેમ જણાય છે.

હવે તમે જો આ વાતને વધુ ધ્યાન પૂર્વક વિચારી હોત અને મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું સાચું પૂરવાર કરી આપવાની તમે કાગળમાં દેખાડેલી તમારી તૈયારી સાચી જ હોત, તો તમે 'શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી'નો પણ આગ્રહ કરત નહિ. કારણ એ છે કે-નવની કમીટીમાંના જ તપાગચ્છાચાર્યો આ ચર્ચામાં પક્ષકાર બનેલા છે. અને શ્રી તપાગચ્છના અન્ય આચાર્યાદિ શ્રમણો આ ચર્ચામાં કોઇ પણ પક્ષથી પર છે એમ તો છે જ નહિ. 'ન્યાયની અદાલત' જેવી કમીટી નીમવી હોય તો, તો તે કમીટીમાં એવાઓની જ નીમણુંક કરવી જોઇએ, કે જેઓ ન્યાય તોલવાનું સામર્થ્ય ધરાવતા હોવા સાથે ન્યાય માટે ઉપસ્થિત મુદાના કોઇ પણ પક્ષને માન્ય કરી ચુકેલા ન જ હોય. તિથિદિન-ચર્ચામાં કોઈ પણ પક્ષને માન્ય કરી ચુકેલા ન હોય એવા એક પણ આચાર્યાદિ શ્રમણ છે નહિ એમ તો તમે પણ જાણો છો અને તે છતાં 'શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી' ન્યાયની અદાલતના રૂપમાં નીમ્યા વિના મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું તેમજ સાચું ઠરાવવા માટે જરૂરી પૂરાવાઓ અને ખૂલાસાઓ આપવાની તમે સ્પષ્ટ ના જણાવો છો, એ શું સૂચવે છે?

જ્યારે કોઇ પણ પક્ષને માન્ય નહિ કરી ચુકેલા એવા આચાર્યાદિ ન હોય, ત્યારે શ્રમણસંઘમાંથી જ કમીટી નીમવી હોય તો એવી કમીટી નીમવી પડે કે જેમાં બન્ને પક્ષે સમાન મતાધિકારનું ધોરણ જળવાઇ શકે. આવી કમીટી ન્યાયના મુદ્દા વિષે એકમતી નિર્ણય ઉપર આવી શકે ખરી? આવી કમીટી એકમતી નિર્ણય ઉપર ન આવી શકે એમ તમે સમજતા હો છતાં આવી કમીટીનો આગ્રહ સેવતા હો, તો એનો અર્થ એજ છે કે-તમે સમાજમાં શાન્તિ સ્થપાય એવા નિર્ણયના નામે પણ સમાજમાં કલહ વધે એવી જ પ્રવૃત્તિ કરવાનો આગ્રહ સેવી રહ્યા છો. અને તમે જો એમ માનતા હો કે-પરસ્પર વિરૂદ્ધ મતવાળા પણ તેઓ જે સત્ય હોય તેના એકમતી નિર્ણય ઉપર આવી શકે, તો તમે એ જણાવો કે-મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું ઠરે એ માટે જરૂરી એવા જે પૂરાવાઓ અને ખૂલાસાઓ તમે અમને પૂરા પાડો તે વ્યાજબી હોય તો અમે જ તેનો શા માટે અસ્વીકાર કરીએ? તેમ તમને પણ પૂરાવાઓ અને ખૂલાસાઓ આપતાં આપતાં જ ખાત્રી થાય કે મજકુર પાનામાં શ્રી તપાગચ્છની માન્યતાથી વિરૂદ્ધની ગાથાઓ પ્રમાણરૂપે રજૂ કરાએલી છે. તેમજ પાનામાંની ભાષા સોલમી સદીની લાગતી નથી, તો તમે પણ મજકુર પાનાને અપ્રમાણિક માની અમારી શાસ્ત્રસંમત માન્યતા સ્વીકારવાને કેમ તૈયાર થાઓ નહિ?

એ વાત પણ તમારે ધ્યાનમાં લેવી જોઈએ કે–સામાન્ય રીતિએ અદાલતનો આશ્રય ત્યારે જ લેવાય છે, કે જ્યારે બે પક્ષ પરસ્પર વાટાઘાટ કરીને સમજુતી ઉપર આવી શકતા નથી. આપવાની દાનતવાળા દેણદારો લેણદારોની સાથે પહેલેથી જ હિસાબ કરવાની ના પાડીને એમ કહે જ નહિ કે–'કોર્ટમાં જઇને તારૂં લેણું સાબીત કર. કોર્ટમાં જ હું બતાવીશ કે તારૂં મારી પાસે લેણું નથી.' બધા દેણદારો જો પહેલેથી જ હિસાબ કરવાની ના પાડીને કોર્ટનો રસ્તો બતાવવા માંડે, તો જગતનો વ્યવહાર જ અશકય બની જાય અને કજીયાઓનો પાર રહે નહિ. ન્યાયની અદાલત જેવી કમીટી વિના મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું ઠરાવવાને માટે જરૂરી પૂરાવાઓ અને ખૂલાસાઓ નહિ જ આપવાનો તમારો આગ્રહ આ કોટિનો છે. કારણ એ છે કે–મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું ઠરે તે માટે જરૂરી એવા જે પૂરાવાઓ અને ખૂલાસાઓ તમે આપો તે જો વ્યાજબી જ હોય, તો અમે તેને માન્ય રાખીને મજકુર પાનામાં જણાવ્યા મુજબ માનવા, વર્તવા અને તેમ નહિ માન્યા–વર્ત્યા બદલ પ્રાયશ્ચિત્ત લેવા પણ તૈયાર જ છીએ- એમ અમે તમને દરેક વખતે જણાવ્યું જ છે અને તેમ જણાવવા છતાં પણ તમે ન્યાયની અદાલત જેવી કમીટી વિના, માગેલા પૂરાવાઓ અને લેખિત ખૂલાસાઓ આપવાનો સ્પષ્ટ ઇનકાર જ કર્યો છે. આથી તમે સમજી શકયા હશો કે–પહેલેથી જ કમીટી નીમવાનો તમારો આગ્રહ ન્યાયના સર્વમાન્ય ધોરણને સમ્મત નથી અને કલહને ઘટાડવા કે નાબૂદ કરવાને બદલે કલહને જ વધારનારો છે.

ખરી વસ્તુ એય છે કે–તમે મારી વાતના હાર્દને જ સમજી શકયા નથી. ચર્ચા કે વાદવિવાદ માટે મેં એ વાત જણાવી જ નહોતી. જો મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું છે એમ પૂરવાર થઇ જાય, તો મારે તેમ માનવું, વર્તવું અને તેમ નહિ માન્યા–વર્ત્યા બદલ પ્રાયશ્ચિત્ત લેવું. આવું મેં એવી ધારણાથી કહેલું કે–જો મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું સાચું છે તેવી ખાત્રી થઈ જાય તો મારે તેમની આચરણા સ્વીકારવી અને જો હું જેને શાસ્ત્રસંમત આચરણા માનું છું તેથી વિરૂદ્ધ માનનાર વર્ગ મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું પૂરવાર કરી આપવામાં નિષ્ફલ નિવડે તો તે વર્ગ હું જેને શાસ્ત્રસંમત આચરણા માનું છું તેનો સ્વીકાર કરે. આમ ગમે તેને ગમે તેની આચરણા સ્વીકારવાનો પ્રસંગ આવે, પણ તિથિદિનચર્ચાનો અંત આવે. આ હેતુથી જ, તમે પૂરવાર કરી આપવાની તૈયારી જણાવી એટલે મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું સાચું ઠરે એ માટે જરૂરી પૂરાવાઓ અને લેખિત ખૂલાસાઓની મેં માગણી કરી હતી. છતાં તમે શ્રમણસંઘની કમીટી વિના પૂછેલા પ્રશ્નોના પ્રત્યુત્તરો અને માગેલા પૂરાવાઓ

આપવાને તૈયાર નથી અને પક્ષકારો પૈકીની કમીટી નીમવામાં મને તો કલહ ઘટવાને બદલે વધવાનું લાગે છે, એટલે તમારી સાથે પત્રવ્યવહાર લંબાવવાની મારી પણ ઇચ્છા નથી જ.

તમારા છેલ્લા પત્રમાંનો કમીટી વિના પૂરાવાઓ અને ખૂલાસાઓ નહિ આપવાના આગ્રહ રૂપ પહેલો મુદ્દો જેમ અયોગ્ય હોઇ અસ્વીકાર્ય છે, તેમ બીજો મુદ્દો પણ અસ્વીકાર્ય જ છે.

શ્રી તપાગચ્છની માન્યતાથી વિરૂદ્ધની ગાથાઓને જેમાં પ્રમાણ રૂપે રજૂ કરેલી છે તેમજ જે પાનાનું મૂળ લખાણ સોળમી સદીનું હોવાનું તેમાં જણાવ્યા છતાં સોલમી સદીની ભાષા સાથે મેળ ખાતું નથી, તેવા પણ પાનાને પ્રમાણિક તરીકે પ્રચારનાર કે માનનાર આદિ સાથે મૌખિક વાતચીત કરવામાં જોખમ જ છે. વળી તમે જે વાત મુખે કહેવા ઇચ્છો છો, તે વાત લખીને આપવામાં તમને વાંધો હોય જ શાનો? લેખિત વાત કરવામાં બંધાઈ જવાના ડરે તમે લેખિતની ના પાડતા હો, તો તે ખૂબ જ અનુચિત ગણાય અને સત્ય પ્રત્યુત્તરો આપવાની જ તમારી ઇચ્છા હોય તો, તો તમારાથી લેખિત નહિ આપવાનો આગ્રહ સેવાય જ નહિ.

'લેખીત ચર્ચા પ્રજામત કેળવવા જરૂરી હોવા છતાં એ પરિણામે તો ભાગલા પડાવવાનું જ કામ કરે છે'—એ કારણ આપીને તમે લેખિત પ્રત્યુત્તરો આપવાની ના પાડી છે, પણ મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતાથી વિરૂદ્ધનું અને ખોટું અગર શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું ઠરે એ માટે જરૂરી પૂરાવાઓ અને ખૂલાસાઓ માગનાર અમો તેમજ માગેલા જરૂરી પૂરાવાઓ અને ખૂલાસાઓ આપનાર તમો—એમ આપણે બન્નેય જણા નક્કી કરીએ કે—જ્યાં સુધી આપણી વચ્ચે તે બાબતનો લેખિત વ્યવહાર ચાલતો હોય, ત્યાં સુધી તેમાંનું કાંઇ પણ છપાઇ જાહેર થાય નહિ એવી આપણે ગોઠવણ કરવી. પછી ભાગલા પડે એવી બીક રાખવાને કારણ જ નહિ રહે.

વળી તમે જ્યારે—'લેખીત ચર્ચા પરિણામે તો ભાગલા પડાવવાનું જ કામ કરે છે' એમ સમજો છો, છતાં તમારા સમુદાય તરફથી પુસ્તિકાઓ બહાર પડે, લેખો છપાવાય અને હેન્ડબીલો પ્રગટ કરાવાય, ત્યારે એજ સમજવું રહ્યું ને કે—તમને પ્રજામત કેળવવાનો રસ છે, પણ તમારી પુસ્તિકાઓ અને લેખો તથા હેન્ડબીલો આદિથી સમાજમાં ભાગલા પડે, એની તો તમને દરકાર જ નથી?

આ બધાં ઉપરથી એજ ફલિત થાય છે કે—શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી નીમ્યા વિના જરૂરી પૂરાવાઓ અને લેખિત ખુલાસાઓ નહિ આપવાનો તમારો આગ્રહ અયોગ્યજ છે. અને અમારા તા. ૨૭-૧૧-૪૦ ના પત્રની વિગતો સુસમ્બદ્ધ જ છે. તેમાં આડે રસ્તે ચઢી જવા જેવું કાંઇ છે જ નહિ, કારણ કે—

મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું સાચું પૂરવાર થઇ જાય તો અમારે તેમ માનવું આદિ ચોક્કસ હોઇને, તમે જ્યારે મજકુર પાનાને તેમ પૂરવાર કરવાની તૈયારી બતાવો, ત્યારે તે પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું ઠરે એ માટે જે પૂરાવાઓ અને ખુલાસાઓ જરૂરી હોય તે અમારે તમારી પાસે માગવા જ પડે.

તમારા વિષે જે કલ્પનાને સ્થાન મળવા બાબત અમારા છેલ્લા પત્રમાં જણાવાએલું, તે અસ્થાને નહિ હતું એ સમજવા માટે નીચેનાં કારણોને વિચારવાની જરૂર છે:-(૧) તમારા તા. ૨૩-૧૧-૪૦ ના પત્રમાંની તમારી સહી અન્યના હસ્તાક્ષરોની હોઇ બનાવટી હતી. (૨) તમારા તા. ૨૩ અને ૨૬-૧૧-૪૦ એ બેમાંના એકેય પત્રમાં પાનાને 'સાચું' સાબીત કરવાની વાતનો ઉલ્લેખ નહિ હતો, પણ 'તપાગચ્છની માન્યતા મુજબનું' સાબીત કરવાની વાત લખાઇ હતી. જો કે-બીજી અશુદ્ધિઓની જેમ તે પણ તમારી એક અશુદ્ધિ જ છે એમ માનીને અમે ચાલ્યા હતા. (૩) તા. ૨-૧૨-૪૦ ના પત્રમાં તો તમે પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું પૂરવાર કરી આપવાની વાતને બદલે-"કમીટી આગળ સદરહુ તિથિચર્ચાના ઉદ્દેશો તેમજ તેના નિર્ણયનું પાનું વિગેરે રજૂ કરવા તૈયાર છીએ" એમ જણાવ્યું. તેમજ (૪) કમીટીની વાતને વળગી-"તમોએ જે જે પ્રશ્નો પૂછેલા છે તે તે પ્રશ્નોના પ્રત્યુત્તરો અમો તમોને આપી શકીએ નહિ"-એમ પણ તમે તા. ૨-૧૨-૪૦ ના પત્રમાં જણાવ્યું. આ ચાર કારણોથી તેવી કલ્પનાને સ્થાન મળવાનું જણાવવામાં અમે વ્યાજબી જ હતા એમ વિચક્ષણો સમજી શકે તેમ છે. વળી કમીટી સિવાય જરૂરી પૂરાવાઓ અને ખુલાસાએ આપવાની તમારી 'ના' થી તેમજ લેખિત પ્રત્યુત્તરો આપવાના તમારા ઇનકારથી પણ એજ કલ્પના વધુ દૃઢ બને છે કે-'મજકુર પાનામાં શ્રી તપાગચ્છની માન્યતાથી વિરૂદ્ધની ગાથાઓ પ્રમાણ રૂપે રજૂ કરાએલી હોવાથી તથા તે પાનામાંની ભાષા સોલમી સદીની ભાષા સાથે મેળ વિનાની હોવાથી મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું નથી એમ તમને પણ સમજાયું છે, પણ તમારે તમારી ભૂલ સુધારવી નથી, માટે જ તમે પક્ષકારોની કમીટીનો અને લેખિત પ્રત્યુત્તરો નહિ આપવાનો આગ્રહ સેવી રહ્યા છો.

મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું પૂરવાર કરી આપવામાં તમો નિષ્ફલ નિવડો, તો આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી અને તેમની આજ્ઞામાં વર્તનાર સાધુ-સાધ્વીનો સમુદાય અમો જેને શાસ્ત્રાનુસારિણી માન્યતા અને આચરણા કહીએ છીએ, તેને સ્વીકારવાને તૈયાર છે કે કેમ? એ વાતનો પણ હજુ તમે ખુલાસો આપતા નથી.

હવે છેલ્લે એજ જણાવવાનું કે-હજુ પણ તમે જો મજકુર પાનાને શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું પૂરવાર કરી આપવાની સાચી જ તૈયારીવાળા હો તો અમારા તા. ૨૭-૧૧-૪૦ ના પત્રમાં જણાવ્યા મુજબના પૂરાવાઓ અને લેખિત ખુલાસાઓ મોકલી આપો. તમારે તેમ ન જ કરવું હોય, તો તમારી સાથેના પત્રવ્યવહારથી સર્યું, એમ જ માનવું રહ્યું. હાલ એજ. શ્રી વીર સં. ૨૪૬૭, વિ. સં. ૧૯૯૭, માગશર વદ ૫ ગુરૂવાર, તા. ૧૯-૧૨-૪૦ રવાના તા. ૨૦-૧૨-૪૦. મુનિ ભદ્રંકરવિજય સહી દ. પોતે.

## પૂ૦ આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરિજી પ્રત્યે પં. કલ્યાણવિજયજીનું નિવેદન.

ઉપરોક્ત લાંબા લાંબા લખાણમાં પણ ફરીફરીને એક જ વાત લખાય છે કે તમો તા. ૨૭-૧૧-૪૦ ના પત્રમાં અમોએ માંગેલા પુરાવાઓ અમોને પુરા પાડો તે જોયા બાદ વિશેષ પુરાવા માગીએ તો તે પુરા પાડજો અને તેથી અમોને સત્ય લાગશે તો તે મુજબ અમો આચરણ કરીશું તેમાં જરા પણ શંકા રાખશો નહિ, છતાં સત્ય નક્કી થાય અને અમો તે મુજબ આચરણ ન કરીએ તો તમો ખુશીની સાથે સર્વ સમ્મત નિર્ણયકારિણી સમિતિ નીમી સર્વને બંધનકારક નિર્ણય મેળવો તે મારે પણ કબુલ રાખવો એમ જણાવી, તેઓ પોતેજ બધા પુરાવાઓ માગે છે. સદર પત્રમાં આગળ વધીને જણાવે છે કે તપાગચ્છાચાર્ય દરેકે દરેક પક્ષકાર હોવાથી જેમ નવની કમીટી પૈકી કેટલાક ઈતરગચ્છીય આચાર્યાદિ હતા. અમુક વિદ્યમાન નથી અને જેઓ વિદ્યમાન છે તે સર્વ આ ચર્ચામાં પક્ષકાર બનેલા હોઇ તેઓ ન્યાયમાં કામ આવી ન શકે તેમ કહી, નકામા બતાવવાથી તેનો અમે આગ્રહ ન રાખતાં શ્રી શ્રમણસંઘ મધ્યસ્થ કમીટીની માગણી રજુ કરી ત્યારે તેને પણ તેવીજ રીતે બધાને પક્ષકાર ગણી તેવી કમીટી પણ નીમી શકાય નહિ તેમ કહી કમીટીની આખી માગણી ઉડાવી દઈ સ્વયં પોતાને જ તેમની તા. ૨૭-૧૧-૪૦ ની માગણી મુજબ પુરાવાઓ રજુ ન કરો તો તમો પાનું સાચું પુરવાર કરવા અશક્ત છો તેટલું જ નહિ પણ તે પાનામાં શંકા છે તેમ અમો માનીએ છીએ માટે જ તેઓને પુરાવાઓ નથી આપતા તેમ સ્પષ્ટ લખતાં પણ તેઓ અચકાતા નથી. આ તો પગ નીચેનું બળતું દેખવું નહિ પણ બીજે દેખાતા ઉજાસને બળતું બળે છે તેમ કહેવું તેના જેવી વાત નહિ તો શું ? અમારી પાનું સાચું કરી આપવાની ખુલ્લી તૈયારી બતાવવા છતાં તેઓ અમારી માગણી મુજબની કમીટી નીમવાનું કે જે કામ અમોએ તે વયોવૃદ્ધ શ્રીમાનને સોંપેલ હોવા છતાં પણ તેવી કમીટી નીમી પાનું સિદ્ધ કરાવી આવી નકામી ચર્ચાનો જલદી અંત લાવવાનું કરી શકતા

નથી, અને તેના બદલે લાંબાં લાંબાં કાયદાબાજી લખાણો લખી જાણે કે એક ન્યાયની કોર્ટ ન હોય તેમ અમારી પાસે પુરાવાઓ તેમની સનમુખ રજુ કરવાની આજ્ઞાઓ ફરીફરીને કર્યે જાય છે, પક્ષકારો બન્યા પછી કોઇ પણ દિવસ બન્ને પક્ષકારોએ ભેગા બેસી વાંધા પટાવ્યા હોય એ બને જ કેમ ? અને તેમાં પણ એક બીજાના દૃઢ અભિપ્રાયો બંધાઇ ગયા પછી. તમો અમારી પાસે પુરાવાઓ માગો છો તેમાં પણ ભીંત ભુલો છો, સબબ કે–અત્યાર સુધી તપાગચ્છનો સંપ્રદાય જે પ્રમાણે સર્વમાન્ય તિથિ વધઘટના અંગે આચરણ કરતો આવેલ તે મુજબજ આપનાં પક્ષ સિવાયનો બીજો પક્ષ હજુ પણ આચરણા કરી રહેલ છે, એટલે નવું કરનાર આપનો પક્ષ છે અને ખરી રીતે આપેજ પ્રતિપક્ષના આચાર્યોની સભા ભરી જે હજુ સુધી દુખાતા મને આપ ઐકયતા જાળવી રાખવા પ્રરૂપણા કરતા હતા, તેથી વિરૂદ્ધ આપની દ્રષ્ટીએ સાચી પ્રરૂપણા જે આપે નવી કરી તે સિદ્ધ કરી આપી આપના મતનુ પ્રતિપાદન કરાવવું જોઈએ, ને તેમ આપ ન કરી શકો તો મોટો સમૂહ જે પ્રરૂપણા પ્રાચીન કરતો હોય તે મુજબ જ આપે વર્તન કર સમાજને આ કલેશાગ્નિમાંથી મુક્ત બનાવવો જોઇએ. છતાં નવું કરી તે ખોટું સિદ્ધ કરી આપવાની જવાબદારીઓ બીજા ઉપર નાંખવી એ પણ એક **કાળચુગનો અપ્રતિમ પ્રભાવ નહિ તો શું**? સાચી વાત તો એ છે કે જુની પ્રણાલીકા મુજબ પ્રરૂપણા કરનારા નવું કાંઇ કરતા નથી, એથી પક્ષકાર કહેવાય જ નહિ. છતાં તેઓશ્રીમાનનો પોતાને જ પુરાવા મેળવવાનો દૃઢાગ્રહ હોય તો નિરૂપાયે અમારે જણાવવું પડે છે કે અમો પક્ષકાર(વાદી)ને કોઇ પણ સંજોગોમાં અમારી પાસેના લેખીત અને મૌખીક પુરાવાઓ સોંપી શકોયે જ નહિ. બલકે મૌખીક વાર્તાલાપ કરવો તે પણ જોખમી ગણાય એટલે વાતાલાપ પણ કરીએ નહિ. વળી તેઓ શ્રીમાન બીજો મુદ્દો એ ઉભો કરે છે કે શ્રી શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી પાસે પણ અમો લેખીત ખુલાસા આપવા તૈયાર નથી, પણ એ વાત કોઇપણ જગ્યાએ અમારા પત્રવ્યવહારમાં નથી, પણ કાલ્પનીક ઉપજાવી કાઢેલી છે. અમો તો તે કમીટી પાસે અમારી પાસેના લેખીત અને મૌખીક બધા પુરાવાઓ રજુ કરી પાનું સિદ્ધ કરી આપવા તૈયાર જ છીએ.

અંતમાં જણાવીએ છીએ કે તમોને એક પક્ષકાર (વાદી) તરીકે અમો વ્યકિતગત તમારા તા. ૨૭–૧૧–૪૦ ના પત્રમાં માગેલા પુરાવાઓ પુરા ન પાડીએ તેથી તો "એજ કલ્પના વધુ દૃઢ બને છે કે–મજકુર પાનામાં શ્રી તપાગચ્છની માન્યતાથી વિરૂદ્ધની ગાથાઓ પ્રમાણ રૂપે રજુ કરાએલી હોવાથી તથા તે પાનામાંની ભાષા સોલમી સદીની ભાષા સાથે મેળ વિનાની હોવાથી મજકુર પાનું શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું અને સાચું નથી એમ તમને પણ

સમજાયું છે, પણ તમારે તમારી ભૂલ સુધારવી નથી માટેજ તમે પક્ષકારોની કમીટીનો અને લેખીત પ્રત્યુત્તરો નહી આપવાનો આગ્રહ સેવી રહ્યા છો.” જનતા વિચાર કરી લે કે આવી મનમાની કલ્પનાઓ પોતાની મેળે ઉત્પન્ન કરી બીજાઓ ઉપર ઠસાવવા પ્રયત્ન કરનારની શું મનોદશા હશે? અમોને તો તે પૂર્વાચાર્યોના પાનામાં સંપૂર્ણ શ્રદ્ધા છે અને તેથી જ અમો તો શ્રી શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી પાસે રજુઆત કરવાની અમારી મુદતો જવા છતાં હજુ પણ તેવી કમીટી પાસે પાનું સિદ્ધ કરી આપવા તૈયાર છીએ, અને તેથી અમો તે મુદતમાં વધારો કરી સં. ૧૯૯૭ ના પોસ સુદી ૧૫ સુધી તે મુદત લંબાવીએ છીએ, માટે તે મુદત દરમીયાનમાં ગમે ત્યારે શ્રી શ્રમણસંઘની મધ્યસ્થ કમીટી નીમી આચાર્યદેવ અમોને જણાવશે, તો તે જ પળે અમો તે કમીટી પાસે અમારા લેખીત અને મૌખીક મજકુર પાનું તપાગચ્છની માન્યતા મુજબનું સિદ્ધ કરી આપવાના પુરાવાઓ સાથે હાજર થઈ તે પાનું સિદ્ધ કરી આપીશું.

**મહાન પૂર્વાચાર્યોએ અનેક રાજસભાઓમાં વાદીઓને મૌખીક ચર્ચાઓથી જીતી જૈનશાસનનો વિજયધ્વજ ફરકાવ્યો છે, તેમજ અનેક પૂર્વાચાર્યોએ જ્યારે સંપ્રદાયમાં મતભેદો ઊભા થવા પામેલ હોય ત્યારે તે સમયના વિદ્વાન આચાર્યોએ એકત્ર થઈ લેખીત પ્રમાણો વિચારી મૌખીક ચર્ચાથી સર્વમાન્ય નિર્ણયો કર્યાના પ્રસંગો પણ બનેલા છે. આ પૂર્વાચાર્યોની રસમ સિદ્ધ કરી આપે છે કે લેખીત માત્ર પ્રમાણરૂપ રાખી મૌખીક ચર્ચાથી મતભેદોનો અંત આણવો એજ સંપ્રદાય અને સમાજ હિતકર વિશેષ છે. અને તેથી જ પૂર્વાચાર્યોના પુનિત પગલે ચાલવું અમોને વધુ હિતાવહ લાગવાથી અમો મૌખીક ચર્ચાને વિશેષ અગ્રસ્થાન આપીએ છીએ.**

આ બધા ઉપરથી જનતા કલ્પી શકશે કે પાનું સિદ્ધ કરી આપવાની અમારી પીછે હઠ છે કે-શ્રી શ્રમણસંઘની કમીટી નીમાવી પાનું સિદ્ધ કરી આપવાની અમારી માગણી હઠાગ્રહી છે! કે પૂ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ પક્ષકાર (વાદી) હોવા છતાં તેઓ સીધા અમારી પાસે પુરાવાઓ માગે છે તે તેમનો દુરાગ્રહ છે, એની તુલના કરવાનું જનતાને સોંપી અત્રે વિરમીએ છીએ.

# ઠેરઠેરથી પૂ. આચાર્યદેવો, મુનિરાજો તેમજ સંઘોના ચૌમાસી ચૌદશ ગુરૂવારે અને કાર્તિક પુર્ણિમા શુક્રવારે આરાધવાના મળેલા પત્રો અને સમાચારો.

**વળા**—જૈનાચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, આ. શ્રી. વિજયઉદયસૂરિજી, આ. શ્રી. નંદનસૂરિજી આદિએ સમસ્ત સંઘ સમુદાય સાથે ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ તા. ૧૪–૧૧–૪૦ ગુરૂવારે કરી. કાર્તિક પૂર્ણિમા શુક્રવાર તા. ૧૫–૧૧–૪૦ના રોજ ચાર્તુમાસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**પાલીતાણા**—જૈનાચાર્ય સાગરાનંદસુરીજી આદીએ બાબુ પનાલાલની ધર્મશાળામાં જૈનાચાર્ય વિજયમોહનસુરીજી આદીએ સાહિત્યમંદિરમાં, જૈનાચાર્ય વિજયપ્રતાપસુરીજી આદીએ નાની ટોળીવાળી બાબુની ધર્મશાળામાં, પં. માનવિજયજી આદિએ મોટી ટોળીવાળી ઊજમબાઈની ધર્મશાળામાં, પં. ભુવનવિજયજી આદિએ મોતી સુખીયાની ધર્મશાળાએ આદિ જુદી જુદી ધર્મશાળાએ રહેલા સાધુ સાધ્વી સમુદાયના પંદર આનીથી પણ વધુ ભાગે કારતક સુદી ૧૪ ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રમણુ સકળ સંઘની સાથે કરીને કારતક સુદી ૧૫ ને શુકરવારે ચાતુર્માસ બદલી ગિરીરાજની ફરસના કરી યાત્રા કરી હતી.

**સીવગંજ**—જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વર, ઉપાધ્યાયશ્રી દયાવિજયજી, પં. શ્રી દાનવિજયજી, પં. શ્રી મુક્તિવિજયજી, પં. સંપતવિજયજી આદિએ પોરવાડની ધર્મશાળાએ તેમજ અન્ય સાધુ સાધ્વીના કે જે આશરે દશેક ઉપાશ્રય છે તે તમામ ઠેકાણે ઐકયતાથી સકળ સંઘ સાથે કારતક સુદી ૧૪ ને ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રમણુ કરી કારતક સુદી ૧૫ ને શુક્રવારના ચાતુર્માસ બદલી મોટા મંદિરે સિદ્ધાચલ પટ્ટદર્શન કરેલ છે. આજુબાજુના લગભગ બધા ગામોના સંઘોએ ઉપર મુજબ જ ચૌમાસી પ્રતિક્રમણુ ગુરૂવારે કરેલ છે.

**ગુજરાંવાલા** (પંજાબ)—જૈનાચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિએ સમસ્ત સંઘ સમુદાય સાથે ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ તા. ૧૪–૧૧–૪૦ ગુરૂવારે કરી કાર્તિક સુદી ૧૫ તા. ૧૫–૧૧–૪૦ શુક્રવારે ચાતુર્માસ બદલી પટ્ટદર્શન કરેલ છે.

**બીલીમોરા**—જૈનાચાર્ય વિજયજયસિંહસૂરીશ્વરજી આદિએ સકળ સંઘ સાથે કારતક સુદી ૧૪ ને ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રનણુ અને કારતક સુદી ૧૫ને શુકરવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચલ પટ્ટદર્શન સંઘ સાથે કરેલ છે.

**પાટણ**—વયોવૃદ્ધ પ્રાતઃસ્મણીય પ્રર્વતક કાંન્તીવિજયજી મહારાજના નેતૃત્વ નીચે સાગરના ઉપાશ્રયે ઝવેરીવાડામાં તેમજ રાજવાડા અને જોગીવાડાના એ ત્રણ ઉપાશ્રયે તેઓ શ્રીમાનના સાધુઓએ અને ખેતરવસીના પાડામાં જૈનાચાર્યવિજયહર્ષસૂરીશ્વરજી આદી તથા કન્યાસાના પાડામાં મુનિ ભુવનવિજયજી આદિ સાધુઓએ તેમજ રાજકાવાડામાં મલાતના પાડામાં સાધ્વી મહિમાશ્રીજી આદીથાણા ચાર તથા ચોખાવટીના પાડામાં સાધ્વીજીનશ્રીજી આદીથાણા બે તથા ખેતરવસીના પાડામાં સાધ્વી માનશ્રીજી આદીથાણા ચાર તેમજ મોટા ભાગના ગામના સાધ્વીઓના ઉપાશ્રયોએ કારતક સુદી ૧૪ ને ગુરૂવારનું ચર્તુવિધ સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કરેલ માત્ર મંડપમાં અને બેએક સાધ્વીઓના ઉપાશ્રયે બુધવારે થયેલ વળી તે બધા સાધુ મંડળે કારતક સુદી ૧૫ ને શુકરવારના ચાતુર્માસ બદલી સિદ્ધાચલ પટદર્શન કરેલ છે. ગામમાં ચૌદ આની ઉપરાંતના સમૂહે બે તેરસો કરેલ હશે વળી સામુદાયિક પાખી પણ ગુરૂ ને શુકરવારની આખા પાટણ શહેરે પાળી હતી. આજુબાજુના પણ ઘણા ગામોમાં બે તેરસો કરી ચૌદસ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ સંઘોએ એકત્રભાવથી કર્યાનું પાટણના સમાચાર જણાવે છે.

**જામનગર**—જૈનાચાર્ય વિજયધર્મસૂરીશ્વરજીના શિષ્ય આચાર્ય ભક્તિસુરીશ્રીજીએ કારતક સુદી ૧૪ ગુરૂવારના રોજ સકળ સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કરી કાર્તિક પૂર્ણિમા શુકરના મંગળ પ્રભાતે ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ, ઉપધાન ચાલુ છે.

**અમદાવાદ**—જૈનાચાર્ય વિજયલાવણ્યસૂરીજી આદિ પાંજરાપોળના ઉપાશ્રયે જૈનાચાર્ય વિજયલલીતસૂરીજી આદિ લુણસાવાડાના ઉપાશ્રયે, જૈનાચાર્ય રિદ્ધિસાગરજી આદિ આંબલીપોળના ઉપાશ્રયે, આચાર્ય કુસુમસુરીજીએ ચામડાના ઉપાશ્રયે, પં. શાન્તીવિજયજી આદિ ભઠીની બારીવાળા ઉપાશ્રયે, પં. રવીવિમળજી આદિએ દેવશાના પાડાના ઉપાશ્રયે, પં. સુરેન્દ્રવિજયજી આદિએ ભગુભાઇના વંડે ઉપધાનતપવાળાઓ સાથે, પં. કલ્યાણવિજયજી આદિએ શાહીબાગ શેઠ મગનલાલ ઠાકરશીના બંગલે ઉપધાનતપવાળા સાથે, પં. રવીવિજયજી આદિએ ડોસીવાડાની પોળના ડહેલાના ઉપાશ્રયે, મુનિ વિદ્યાવિજયજી આદિએ લવારની પોળના ઉપાશ્રયે, આચાર્ય દેવસુરીજી આદિએ ઊજમબાઈની ધર્મશાળાએ, મુનિ મંગળવિજયજી આદિએ નાગજી ભુદરની પોળના ઉપાશ્રયે, મુનિ રાજવિજયજીએ વાસણશેરી સરસપુરના ઉપાશ્રયે, મુનિ ચંદનવિજયજી તળીઆની પોળના ઉપાશ્રયે ઉપરાંત જ્યાં કોઇપણ સાધુ નથી તેવા હરીપુર, રાજપુર, સ્ટેશન ઉપર, પાંચકુવા રસ્તા, આદિ ઉપાશ્રયોમાં અને સાધ્વીઓના મોટા ભાગના ઉપાશ્રયોએ કારતક સુદી ૧૪ ને ગુરૂવારનું ચૌમાસી પ્રતિક્રમણ સકળસંઘ સાથે કરી કારતક સુદી ૧૫ ને

શુક્રવારના ચાતુર્માસ બદલી સિદ્ધાચલ પટ્ટદર્શન કરવા જમાલપુર ગયાં હતાં, અમદાવાદમાં ચૌદ આની પક્ષ ઉપર મુજબ કરનારો હતો.

**લુણાવાડા**—આચાર્યદેવશ્રી. વિજયકુમુદસૂરિજી આદિએ શ્રીસંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ તા. ૧૪-૧૧-૪૦ ગુરૂવારે અને ચાતુર્માસ બદલી સિદ્ધાચલપટ્ટ દર્શન તા. ૧૫-૧૧-૪૦ શુક્રવારે કરેલ છે. વળી તેઓશ્રી. અમારા ઉપરના પત્રમાં જણાવે છે કે 'ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરાય તેવી પરંપરા જે ચાલી આવે છે. તેનેજ અમો માનનારા છીએ. બે પુનમે કે બે અમાસે બે તેરસ કરવી જોઇએ' 'વૃદ્ધદેવેન્દ્રસૂરિકૃત યતિદિનકૃત્ય સમાચારીમાં ધર્માધિકારમાં ક્ષયવૃદ્ધિતિથિએ શું કરવું તે પાઠ પુરાવા બુકમાં બહાર પાડેલ છે તે સ્પષ્ટ છે.

**ચાણસ્મા**—આચાર્યશ્રી મતિસાગરજી, મુનિશ્રી માનસાગરજી-આદિએ ચૌમાસી પ્રતિક્રમણ તા. ૧૪-૧૧-૪૦ ના રોજ કરેલ. અને ચાતુર્માસ બદલી ગિરીરાજપટ્ટદર્શન તા. ૧૫-૧૧-૪૦ ના રોજ કરેલ છે. તેજ મુજબ સાધ્વી કમળશ્રીજી આદિઠાણાંએ પણ સ્ત્રીઓ સહિત ચૌમાસી પ્રતિક્રમણ કરેલ છે.

**ખંભાત**—આચાર્યશ્રી. દેવેન્દ્રસાગરજી આદિએ શ્રીસંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે અને ચાતુર્માસ બદલી ગીરીરાજ પટ્ટદર્શન કાર્તિક પૂર્ણિમા શુક્રવારના કરેલ છે.

**ઝાલોર** (મારવાડ)—જૈનાચાર્ય શ્રી. વિજયયતિન્દ્રસૂરિજી મહારાજ આદિએ ચૌમાસી પ્રતિક્રમણ તા. ૧૪-૧૧-૪૦ કા. સુ. ૧૪ ગુરૂવારે કરી. તા. ૧૫-૧૨-૪૦ શુક્રવાર કા. સુ. ૧૫ના રોજ ચાતુર્માસ બદલી પટ્ટદર્શન કરેલ છે.

**વેરાવળ**—આચાર્યશ્રી. વિજયદર્શનસૂરીશ્વરજી આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે કરેલ અને ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કાર્તિક સુદ ૧૫ શુક્રવારે કર્યાં છે.

**સુરત**—આચાર્યશ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી પટ્ટદર્શન કરેલ છે.

**કપડવંજ**—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મ. આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**નંદનબાર**—આચાર્યશ્રી વિજયામૃતસૂરિજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ ગુરૂવાર તા. ૧૪-૧૧-૪૦ કાર્તિક સુદ ચૌદશે કરી શુક્રવાર તા. ૧૫-૧૧-૪૦ કાર્તિક સુદ પુનમે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**ઉદયપુર**—જૈનાચાર્ય શ્રી વિજયઉમંગસૂરિજી મહારાજ આદિ ઠાણાંએ ચૌમાસી પ્રતિક્રમણ ગુરૂવાર કાર્તિક સુદ ૧૪ તા. ૧૪-૧૧-૪૦ ના રોજ કરી કાર્તિક પૂર્ણિમા તા. ૧૫-૧૧-૪૦ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**મેસાણા**—આચાર્યશ્રી કીર્તિસાગરજી આદીથાણા તથા જૈનાચાર્ય વિજયકનકસૂરિજીના શિષ્યો થાણા બે મળી એકંદર થાણા દશે શ્રી સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ તા. ૧૪-૧૧-૪૦ને ગુરૂવારના કરેલ તેમજ કાર્તિક પૂર્ણિમા ને શુકરવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચલ પટ્ટદર્શન કરેલ તેજ પ્રમાણે સાધ્વીઓના ઉપાશ્રયે પણ ચૌમાસી પ્રતિક્રમણ નારીવૃંદે ગુરૂવારે કરેલ છે.

**કુરજણ**—આચાર્યશ્રી કનકચંદ્રસૂરિજી મ૦ અને મુનિશ્રી ભક્તિવિજયજી મ૦ આદિએ સંઘ સમસ્ત સાથે ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી, કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગીરિરાજ પટ્ટદર્શન કરેલ છે.

**ધોતાસકલાણા**—(પાલનપુર સ્ટેટ)—આચાર્યશ્રી વિજયન્યાયસૂરીજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કા. સુ. ૧૪ ગુરૂવાર તા. ૧૪-૧૧-૪૦ ના રોજ કરી. કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**સરીયદ**—આ૦ શ્રીસંભોદયસૂરિજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ. ગુરૂવાર કાર્તિક સુદી ૧૪ના રોજ કરી કાર્તિક પૂર્ણિમા શુકવારના રોજ ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ છે.

**અજમેર**—મુનિરાજશ્રી પ્રેમવિમળજી આદિએ સારા એવા સમુદાય સાથે ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ અને કાર્તિક પૂર્ણિમા શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી શત્રુંજયગિરી પટ્ટદર્શન કરેલ છે.

**ભાવનગર**—પં. શ્રીઅવદાતવિજયજી આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ ચૌમાસી પ્રતિક્રમણ કરી. કાર્તિક સુદ ૧૫ના રોજ ચાતુર્માસ બદલી ગિરિરાજપટ્ટદર્શન કરેલ છે. ભાવનગરમાં સમસ્ત ચતુર્વિધ સંઘે આજ પ્રમાણે આરાધના કરેલ છે.

**માળીયા**—મીયાણા મુનિરાજશ્રી હરખવિજયજી આદિએ સમસ્ત સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી. કાર્તિક પૂર્ણિમા શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી પટ્ટદર્શન કરેલ છે.

**ભુજ** (કચ્છ)—મુનિરાજશ્રી. વિદ્યાવિજયજી આદિએ સમસ્ત સંઘ સાથે કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ ચૌમાસી પ્રતિક્રમણ કરી. શુક્રવાર કાર્તિક સુદ ૧૫ના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**જયપુર**—મુનિરાજશ્રી. દર્શનવિજયજી શ્રી. ન્યાયવિજયજી, શ્રીજ્ઞાનવિજયજીની ત્રિપુટીએ ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ ગુરૂવાર તા. ૧૪–૧૧–૪૦ ના રોજ અને કાર્તિક સુદ ૧૫ તા. ૧૫–૧૧–૪૦ શુક્રવાર રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**હાડેજા**—પ. શ્રી કલ્યાણુવિમળજી આદિએ શ્રી. સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે કરેલ. અને ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન પૂર્ણિમા શુક્રવારના રોજ કરેલ છે. વધુમાં તેઓશ્રી જણાવે છે કે 'આરાધક બનવા ઇચ્છનારે કા. સુ. ૧૪ ગુરૂવારના પ્રતિક્રમણુ કરવું તે વ્યાજબી અને શાસ્ત્રોક્ત છે.

**ગોધરા**—મુનિશ્રી દર્શનસાગરજી શ્રી. ન્યાયસાગરજી આદિ એ ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે કરી ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કાર્તિક સુદ ૧૫ શુક્રવારે કરેલ છે.

**દેવા**—મુનિશ્રી મતિસાગરજી આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણુ કરીને કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ છે.

**રતલામ**—(માળવા) પ. શ્રી મંગળવિજયજી આદિએ ગુરૂવાર સુદ ૧૪ કાર્તિકના રોજ ચૌમાસી પ્રતિક્રમણુ કરી કાર્તિક પૂર્ણિમા શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**વિજાપુર**—ઉ. શ્રી સિદ્ધિમુનિજી, મુનિશ્રી હેમેન્દ્રસાગરજી આદિએ ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરીને કાર્તિક પૂર્ણિમા શુક્રવારના રોજ ચાતુમાસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ છે.

**ચુડા**—મુનિરાજશ્રી જયંતવિજયજી આદીએ ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી અને કાર્તિક પૂર્ણિમા શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન સમસ્ત સંઘ સાથે કરેલ છે.

**બ્યાવર**—(રાજપુતાના) ઇતિહાસપ્રેમી મુનિરાજશ્રી જ્ઞાનસુંદરજી આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ ચૌમાસી પ્રતિક્રમણુ કરી કાર્તિક પૂર્ણિમા શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**વાંકડીયા વડગામ**—પૂ. શ્રી હિંમતવિમળજી મહારાજ પ્રવર્તક શ્રી શાંતિવિમળજી આદિએ ચૌમાસી પ્રતિક્રમણુ કાર્તિક સુદ ૧૪ તા. ૧૪–૧૧–૪૦ ગુરૂવારના રોજ કરી ચાતુર્માસ બદલવાનું અને ગિરીરાજ પટ્ટદર્શન કાર્તિક પૂર્ણિમા શુક્રવાર તા. ૧૫–૧૧–૪૦ ના રોજ કરેલ છે.

**પાલેજ**—મુનિરાજશ્રી વર્ધમાન સાગરજી મ. આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ ચૌમાસી પ્રતિક્રમણુ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**જુનાગઢ**—પન્યાસજીશ્રી ઉદયવિજયજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**મંદસોર**—મુનિરાજશ્રી ચરણવિજયજી મ. આદિએ સમસ્ત સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી, ચાતુર્માસ બદલવાનું અને ગિરીરાજ પટ્ટદર્શન કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ કરેલ છે. આજુબાજુ નજદીકના તમામ ગામોના સંઘોએ આ પ્રમાણે ચૌમાસી પ્રતિક્રમણ ગુરૂવારે કરેલ છે.

**ડભોઈ**—મુનિશ્રી ચતુરવિજયજી મ. આદિએ ગુરૂવાર તા. ૧૪-૧૧-૪૦ કાર્તિક સુદ ૧૪ ના રોજ સમસ્ત સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કરી શુક્રવાર તા. ૧૫-૧૧-૪૦ કાર્તિક સુદ ૧૫ ના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

અત્રે ચાતુર્માસ રહેલાં આચાર્ય શ્રવિજયમોહનસૂરિશ્વરજીનાં આજ્ઞાવર્તી સાધ્વીશ્રી કલ્યાણશ્રીજીએ પણ આજ પ્રમાણે આરાધના કરેલ છે.

**વાડાશિનોર**—મુનિરાજશ્રી મેરૂવિજયજી આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કારતક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી. કારતક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**કરાંચી**—મુનિરાજ શ્રી જયવિજયજી આદિએ સમસ્ત સંઘ સમુદાય સાથે ચૌમાસી પ્રતિક્રમણ ગુરૂવાર કાર્તિક સુદ ૧૪ ના રોજ કરી. કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**મહીજ**—પન્યાસ શ્રી. તિલકવિજયજીમહારાજ આદિએ ચોમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ વાર ગુરૂવારે અને ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કાર્તિક પૂર્ણિમા શુક્રવારના રોજ કરેલ છે.

**ઉજ્જૈન-(માળવા)**—પ. શ્રી.ચંદનવિજયજી આદિએ ચૌમાસી પ્રતિક્રમણ ગુરૂવાર કાર્તિક સુદ ૧૪ના રોજ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે. ઈન્દોર અને મક્ષીજી બાદ કરતાં સમગ્ર માળવા દેશે આ પ્રમાણે આરાધના કરી છે.

**વીસનગર**—મુનિરાજ શ્રી ધર્મવિજયજી મ. આદિએ કા૦ સુદ ૧૪ ગુરૂવાર ના રોજ ચૌમાસી પ્રતિક્રમણ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવાર ના રોજ ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ છે.

**બિહારસરિફ**—પ. શ્રી માણેકવિજયજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ. ગુરૂવાર કા૦ સુ. ૧૪ના રોજ કરી. કાર્તિક પૂર્ણિમા. શુક્રવારના રોજ ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**ભુજ** (કચ્છ)—મુનિશ્રી જીતવિજયજી મ. આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરી. કાર્તિક પૂર્ણિમા શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**માસરરોડ**—મુનિશ્રી મણીવિજયજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**ડાભલા**—મુનિશ્રી દેવવિમલજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ. કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી: કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ છે.

**સુરત**—સાધ્વીશ્રી માણેકશ્રીજી આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કા. સુ. ૧૪ ગુરૂવારે કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**દયાળપુર**—પં. શ્રી કીર્તિમુનિજી મ. આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**જામખંભાળીયા**—મુનિરાજશ્રી. ન્યાયવિજયજી મ. આદિએ ચોમાસી પ્રતિક્રમણ ગુરૂવાર કાર્તિક સુદ ચૌદશે કરી. શુક્રવાર કાર્તિક પૂર્ણિમાએ ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ છે.

**વેજલપુર**—મુનિશ્રી ધર્મસાગરજી મ. આદિએ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**સાદડી**—મુનિશ્રી સુમિત્રવિજયજી મ. આદિ એ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે કરીને ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કાર્તિક પૂર્ણિમા શુક્રવારે કરેલ છે.

**દિલ્હી**—મુનિશ્રી. રૂપવિજયજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી કાર્તિક પૂર્ણિમા શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**માંગરોળ**—મુનિશ્રી કનકવિજયજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**રાજગઢ** (માળવા)—મુનિરાજ શ્રી ભક્તિવિજયજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે કરી. કાર્તિક પૂર્ણિમા શુક્રવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ છે.

**બીકાનેર**—સાધ્વીશ્રી. વસંતશ્રીજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી કાર્તિક પૂર્ણિમા શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**ખેરાળુ**—પન્યાસજી મંગળવિજયજી મહારાજે કારતક સુદી ૧૪ ને ગુરૂવારે સકળ સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કરી કારતક સુદી પૂર્ણિમા શુકરવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચળ પટ્ટદર્શન કરેલ

**વારાહી**—મુનિમહારાજ અમરવિજજીએ કારતક સુદી ૧૪ ગુરૂએ સકળ સંઘ સાથે ચૌમાસી પ્રતિક્રમણ કરી કારતક પૂર્ણિમા શુક્રવારે ચાતુર્માસ પરિવર્તન કરી સિદ્ધાચળ પટ્ટદર્શન યાત્રા કરેલ છે. મહારાજશ્રી શાન્ત સ્વભાવના હોવાથી પર્યુષણા આદિ મહોત્સવ ઘણો જ સારો ઉજવાયેલ અને સમયાનુસાર તપસ્યા દશ અઠ્ઠાઈઓ થયેલ. મુનિમહારાજનો યોગ લાંબા સમયે થવાથી ધાર્મિક પ્રસંગો ઘણાજ ઉત્સાહપૂર્વક ઉજવાયેલ છે.

**મુંબઇ**—પન્યાસજી શ્રી પ્રીતિવિજયજી મ. આદિએ ચૌમાસી પ્રતિક્રમણ સારા એવા સમુદાય સાથે કાર્તિક સુદ ૧૪ ગુરૂવારના રોજ કરી કાર્તિક સુદ ૧૫ શુક્રવારે શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ ઓફિસમાં ચાતુર્માસ બદલાવવામાં આવ્યું હતું. આજે પન્યાસજી શ્રી. મોટા સમૂહ સાથે વરઘોડા રૂપે પાયધુનીથી ભાયખલાના મંદિરે સિદ્ધાચલ પટ્ટદર્શન કરવા ગયા હતા.

**ખુડાલા**—પં. શ્રીરંગવિમળજી આદિઠાણાએ કારતક સુદ ૧૪ ગુરૂવારના રોજ ચૌમાસી પ્રતિક્રમણ કરી સુદ ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી ગિરીરાજ પટ્ટદર્શન કરેલ છે.

**વઢવાણ**—મુનિવર્ય શ્રી પ્રતાપવિજયજી તથા મુનિશ્રી દીપવિજયજી કાર્તિક સુદ ૧૪ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરી કા. સુ. ૧૫ શુક્રવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચલ પટ્ટદર્શન કરેલ છે.

**મહિજ**—પં. તિલકવિજયજી આદિએ સકળ સંઘ સાથે કારતક સુદી ૧૪ ને ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ અને કારતક સુદી ૧૫ ને શુકરવારે ચાતુર્માસ બદલી ગીરીરાજ પટ્ટદર્શન આડંબરપૂર્વક સંઘ સાથે કરેલ છે.

**મોરવાડા**—અહીંઆંના સંઘે ઉપાશ્રયમાં ઐકયતાથી કારતક સુદ ૧૪ ને ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રમણ કરેલ અને કારતક સુદી ૧૫ ને શુક્રવારના વરખડીજી સિદ્ધાચલ પટ્ટ બાંધી તેના દર્શન કરેલ છે.

**ગરાંબડી**—અહીંઆંના સંઘે ઉપાશ્રયમાં ઐકયતાથી કારતક સુદી ૧૪ ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રમણ કરી કારતક સુદી ૧૫ ના મોરવાડા વરખડીજીએ બંધાયેલ સિદ્ધાચલ પટ્ટના દર્શન કરવા ગયેલ.

**સોઈગામ**—અહીંઆંના સંઘે ઉપાશ્રયમાં ઐકયતાથી કારતક સુદી ૧૪ ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રમણ કરી કારતક સુદી ૧૫ ના દેરાસરમાં સિદ્ધાચલનો પટ્ટ બાંધી દર્શન કરેલ છે.

**તીથગામ**—અહીંઆંના સંઘે ઐકયતાથી કારતક સુદી ૧૪ ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રમણ કરી કારતક સુદી ૧૫ ને શુકરવારના દેરાસરમાં ગિરીરાજનો પટ્ટ બાંધી દર્શન કરેલ છે.

**સીપોર**—સાધ્વી લાભશ્રીજી આદીએ કારતક સુદી ૧૪ને ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરી કારતક સુદી ૧૫ ને શુકરવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચલ પટ્ટ-દર્શન કરેલ છે. વધુમાં જણાવે છે કે આ બાજુમાં વડનગર, ઊમટા, તારંગા, આદિ આજુબાજુના ગામોએ પણ ઉપર પ્રમાણે જ ગુરૂવારે ચૌમાસી પ્રતિક્રમણ કરેલ છે.

**રાધનપુર**—પન્યાસજી લાભવિજયજી મહારાજે સાગરના ઉપાશ્રયે કારતક સુદી ૧૪ ને ગુરૂવારના ચૌમાસી પ્રતિક્રમણ કરેલ તે વખતે ચાલુ હમેશાં તેમની સાથે પ્રતિક્રમણ કરનારાઓ માંડમાંડ પચીસેક થતાં, ત્યારે ચૌમાસી પ્રતિક્રમણ પુરૂષોને કરાવનાર બીજા કોઈ સ્થળે સાધુ ન હોવાથી ઉપાશ્રય આખો ચિકાર ભરાઈ ગયો હતો. જે ચારસો ઉપરાંત સંખ્યા હતી, તે દ્રષ્ય રાધનપુરમાં ઉપધાનતપ બે પુનમવાળા સાધુઓના આશ્રયે હોવા છતાં બે તેરસમાં કેટલો મ્હોટો સમુદાય હતો તે પુરવાર કરી આપતું હતું, તે જ મુજબ બૈરાંઓના મોટા સમૂહે ગાંધીવાડાના મોદીવાળા ઉપાશ્રયમાં સાધ્વી વિમળશ્રીજીના આશ્રય નીચે ચૌમાસી પ્રતિક્રમણ ગુરૂવારના રોજ કરેલ, તે સિવાય ગુર્જરવાડાના આખડીના ઉપાશ્રયમાં, ચિંતામણની પોળ કે જ્યાં ઉપધાનવાળી બ્હેનો હતી અને જે સાધ્વીઓ ઉપ-ધાનની બ્હેનોને ક્રિયા કરાવતાં હતાં છતાં તે સાધ્વી ગમાનશ્રીજી આદી થાણા એ એ જ ઉપાશ્રયમાં, ભણસાળી શેરીના ઉપાશ્રયે સાધ્વી પુતળીશ્રીજી આદિ થાણા, તેમજ ધોબીયા શેરીના ઉપાશ્રયે સાધ્વી અમૃતશ્રીજી આદિ ઉપરાંત બીજા પણ સાધ્વીઓના ઉપાશ્રયોએ સુદી ૧૪ ને ગુરૂવારના બૈરાંઓના સમૂહ સાથે ચૌમાસી પ્રતિક્રમણ થયેલ અને તેઓ બધાએ સુદી ૧૫ શુકરવારે ચાતુર્માસ બદલી સિદ્ધાચલ પટ્ટદર્શન પન્યાસજી લાભવિજયજીની સાથે કરેલ.

પન્યાસ શ્રીલાભવિજયજીનું ચાતુર્માસ પારેખ ભોગીલાલ ચુનીલાલના ઘરે બદલવાનું હોવાથી તેઓના તરફથી સુદી પૂર્ણિમાના મંગળ પ્રભાતે વાજીંત્રો સાથે સામૈયું આવેલ, લોકોનો ઉત્સાહ વધુ હોવાથી સામૈયામાં આજસુધી આટલો બધો સમુહ કોઇએ પણ જોયેલ નથી તેમ કેટલાયના મુખે સંભળાતું હતું, મંગળાચરણ થઈ ગયાબાદ પ્રભાવના થયા પછી સકળ સંઘ સાથે સિદ્ધાચલ પટ દર્શન કરવાનું બપોર માટે કહેવાયું હતું, સવાર કરતાં બપોરે વધુ પ્રમાણમાં અબાળવૃદ્ધની મેદની જામી રહી હતી કારણકે દર્શન કરવા તો તે દીવસે બન્ને પક્ષ જવાના હોવાથી પન્યાસજી સાથેનો ઉમંગી સમુદાય મુળ ઉત્સાહમાં હોવાથી ઘણોજ મોટો નરનારીનો સમૂહ દર્શન વખતે હાજર હતો અને તેથી લોકોમાં આનંદ ઉભરાઇ રહ્યો હતો.

મુદ્રકઃ-**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-**અમદાવાદ.**
પ્રકાશકઃ-**ભોગીલાલ સાંકળચંદ શેઠ.** "**જૈન ધર્મ વિકાસ**" ઓફિસ. શ્રીજૈનાચાર્ય વિજયનીતિસૂરિશ્વરજી વાંચનાલય. ૫૬/૧ રીચીરોડ-**અમદાવાદ**